જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૧૬-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

પ્રથમ શાહી સ્નાનને લઈને અભૂતપૂર્વ ઉત્સાહ રહ્યો

કુંભની શરૂઆત : સંતો અને લાખો શ્રદ્ધાળુનુ પવિત્ર સ્નાન

પ્રયાગરાજ

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં આજે અભૂતપૂર્વ સુરક્ષા અને ઉત્સાહ તેમજ શ્રદ્ધા વચ્ચે મહાકુંભ ૨૦૧૯ની શરૂઆત થઈ હતી. પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ સ્થળ પર નાગા સાધુ અને ત્યારબાદ અન્ય અખાડાના સાધુ સંતો તેમજ ત્યારબાદ સામાન્ય શ્રદ્ધાળુઓએ શાહી સ્નાન કર્યુ હતુ. ભારે ધાર્મિક માહોલ રહેતા ચારેબાજુ પુજા અર્ચનાનો દોર જારી રહ્યો હતો. આજે સવારે સુર્યની મકરગતિ (મકર રાશીમાં પ્રવેશ)માં આવવાની સાથે જ તીર્થરાજ પ્રયાગમાં સંગમ કાઠા પર મહાપર્વની શરૂઆત થઈ હતી. જોરદાર ઠંડી હોવા છતાં લોકોએ આની ચિંતા કરી ન હતી. દુનિયાના સૌથી મોટા ધાર્મિક આયોજનને લઈને શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ દેખાયો હતો. પહેલા શાહી સ્થાન પર્વ પર અખાડાના નાગા સન્યાસી, મહામંડલેશ્વરો, સાધુ સંતો સહિત લાખો શ્રદ્ધાળુઓએ સંગમમાં પુણ્યની ડુબકી લગાવી હતી. આની સાથે જ કુંભના શ્રીગણેશ થઈ ગયા હતા. સવારે પાંચ વાગે શાહી સ્નાનની શરૂઆત થઈ હતી.



સવારમાં સૌથી પહેલા ૬ વાગે મહાનિર્વાણીના સંતો શાહી સ્નાન માટે પહોંચ્યા હતા. આની સાથે અખાડાના સ્નાનની પ્રક્રિયા શરૂ થઈ હતી. તમામ અખાડાના સંતોએ એકપછી એક સ્નાનની પ્રક્રિયા હાથ ધરી હતી. તમામને ૩૦ મિનિટથી ૪૫ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. સામાન્ય શ્રદ્ધાળુઓ પણ પવિત્ર સ્તાન કરી રહ્યા છે.કુંભને લઈને આ વખતે ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. કુંભ મેળા ૨૦૧૯માં આવનાર શ્રદ્ધાળુઓની સુવિધા માટે રેલવે દ્વારા ૮૦૦ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય રેલવે તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. આ તમામ ટ્રેનો જુદા જુદા સ્ટેશનોથી પ્રયાગરાજની વચ્ચે દોડાવવામાં આવી રહી છે. આ ટ્રેનો સામાન્ય ટ્રેનો ઉપરાંતની રહેશે. કુંભ મેળામાં આવનાર શ્રદ્ધાળુઓ અને ટ્યુરિસ્ટો માટે દેશના દરેક રેલવે ઝોનથી છ સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. અલ્હાબાદ જંક્શન પર ૧૦૦૦૦ યાત્રીઓને ગોઠવી શકાય તે માટે ચાર મોટા ગેસ્ટ હાઉસ બનાવવામાં આવ્યા છે.

ખેડુત લોન માફી પ્રશ્ને કોંગ્રેસ ઉપર માયાવતીના તીવ્ર પ્રહારો

લખનૌ

બહુજનસમાજવાદી પાર્ટીના વડા અને પૂર્વ મુખ્યપ્રધાન માયાવતીએ આજે તેમના ૬૩માં જન્મદિવસે પત્રકાર પરિષદનુ આયોજન કર્યુહતુ. જેમાં માયાવતીએ કોંગ્રેસ પર ખેડુત લોન માફીને લઈને જોરદાર પ્રહારો કર્યા હતા. તેમના આક્રમક વલણને જોઈને તમામ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. અહીં માયાવતીએ તમામ મતભેદોને ભુલીને સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના કાર્યકરોને આગળ વધવા અપીલ કરી હતી.

મધ્યમ વર્ગના લોકોને મોટી રાહત આપી શકાય

આવકવેરા મુક્તિ મર્યાદા પાંચ લાખ થાય તેવી પ્રબળ શક્યતા

નવી દિલ્હી

મધ્યમ વર્ગના લોકોને મોટી રાહત મળેતેવી શક્યતા દેખાઇ રહી છે. નાણાં પ્રધાન અરૂણ જેટલી આવકવેરા મુક્તિ મર્યાદાને પગારદાર વર્ગના કર્મચારીઓ માટે ૨.૫ લાખ રૂપિયાથી વધારીને પાંચ લાખ રૂપિયા કરી શકે છે. જ્યારે મેડિકલ ખર્ચ અને પરિવહન ભથ્થાને પણ ફરી શરૂ કરવામાં આવી શકે છે. નોટબંધીના કારણે બેહાલ થયેલા લોકોને આંશિક રાહત મળી શકે છે. ચૂંટણી વર્ષમાં સરકારનુ ધ્યાન કોર્પોરેટ ટેક્સ અને પર્સનલ ઈનકમ ટેક્સ પર કેન્દ્રિત રહેશે. સરકાર નોટબંધી અને જીએસટી બાદ મંદીમાં રહેલા અર્થતંત્રમાં નવા પ્રાણ ફુકવા માટે કેટલાક પગલા જાહેર કરી શકે છે. નાણાં પ્રધાન અરૂણ જેટલી પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરનાર છે. આ વખતે નવી પરંપરા શરૂ કરવામા આવી રહી છે. જેટલી કહી ચુક્યા છે કે મોદી સરકાર કોર્પોરેટ ટેક્સને ઘટાડી દેવા ઈચ્છુક છે. નાના કરદાતાને કેટલીક રાહત આપવામાં આવી શકે છે. ડિવિડન્ટ ટેક્સ ફ્રેમવર્કમાં પણ કેટલાક ફેરફાર કરવામાં આવી શકે છે. સરકાર આ ટેક્સ માટે એવા લોકોને જવાબદાર બનાવવા માંગે છે જે લોકોને ઈનકમનો મોટો હિસ્સો આનાથી પ્રાપ્ત થાય છે. આ મામલે ચાલી રહેલી વાતચીતથી વાકેફ રહેલા સુત્રોએ કહ્યુ છે કે બજેટમાં મુખ્યરીતે ટેક્સ પર વધારે ધ્યાન રહેશે. ટેક્સ નિષ્ણાંતો કહે છે કે વધુને વધુ લોકોને કરવેરાની જાળ હેઠળ લાવવા માટેના પ્રયાસ થઈ રહ્યા છે. લઘુતમ મુક્તિ મર્યાદાને વધારવામાં આવી શકે છે. મિડલેવલમાં ટેક્સ સ્લેબના રેટમાં ઘટાડો કરવામાં આવી શકે છે. ઈનકમ ટેક્સની ચુકવણી નિયમિતરીતે કરનાર લોકોને સીધો ફાયદો થઈ શકે છે. વર્ષના બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે નોટબંધીના કારણે સરકારની જાહેરાતો ઉપર તમામની નજર રહેશે.

હોમલોન ઉપર વધુ ટેક્સ છૂટ મળે તેવી સંભાવના

નવી દિલ્હી

આ વર્ષના બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે નોટબંધી અને જીએસટીની તમામ વર્ગને પ્રતિકુળ અસર થયા પછી હવે સરકારની જાહેરાતો ઉપર તમામની નજર રહેશે. સરકાર આ બજેટમાં હોમલોન ઉપર ટેક્સમાં મળનાર છૂટછાટની હદને વધારી શકે છે. નોટબંધીના કારણે રિયલ એસ્ટેટ સેકટર ખૂબ જ ખરાબ રીતે પ્રભાવિત છે. આવી સ્થિતિમાં રિયલ એસ્ટેટ સેકટરને પણ નવી ગતિ આપવા માટેના પ્રયાસો કરવામાં આવી શકે છે. સૂત્રોએ આ અંગેની માહિતી આપતા કહ્યું છે કે કરદાતાને ખુશ કરવા માટે કેન્દ્રિય બજેટમાં વ્યાજની ચૂકવણી પર વધુ છૂટછાટ આપવામાં આવી શકે છે. બેંકોમાં ખૂબ વધુ પ્રમાણમાં પૈસા જમા થવાના કારણે હોમ લોન અને ટેક્સના દરોમાં છૂટછાટ આપવાનો નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. અલબત્ત સરકાર હજુ સુધી ટેક્સ સ્લેબને નવેસરથી રજુ કરવાના પાસા ઉપર વિચારી રહી છે. પહેલા પણ સરકાર કન્સ્ટ્રકશન સેકટરમાં રોજગારની તકો ઉભી કરવા, સીમેન્ટ, સ્ટીલ અને અન્ય કન્સ્ટ્રકશન સાથે જોડાયેલા મુદ્દાને લઈને રિયલ એસ્ટેટને પ્રોત્સાહન આપવા ઈચ્છુક છે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

ZAVERI

MARKET4U

BHARUCH - SURAT

market4u.in

7575006850

ZAVERI

સર્વિસ પ્રોવાઈડર નિમવાના છે

MARKET4U (રજી.) કંપની ને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન ના ઓન-લાઈન પ્લેટફોર્મ ની સેવાઓ માટે ગુજરાત ના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંક માં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાં ના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે)

7575006847, 7575006848

7575006850 (વોટ્સએપ) સમય 10am to 5pm

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

Parag SAREES & DRESS MATERIALS

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેન્સી ₹330

3 સાડી અલબેલી બ્લાઉઝ સાથે ₹450

3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આપકર્મીથી ચુકવાશે જશો, જે માટે સાથે દર્શાવેલ ફોટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રીત થનાર મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે આપે ચૂકવવાનાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે ચૂકવવાનાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં

PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં

PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો

ધનંજય ઝવેરી 7575006847-48

શરદ જાદવ 7575006849

રવિ પટેલ 7574888860

અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com



બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા એ માનસિક દિવ્યાંગો સાથે ઉતરાયણની ઉજવણી કરી

બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી હર્ષદ મહેતા એ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ઉતરાયણ નિમીતે માનવ મંદ સેવા આશ્રમ સમઢીયાળા તા.જી.બોટાદ ખાતે માનસિક દિવ્યાંગોને મિઠાઈનું વિતરણ કરી એક પ્રેરક ઉમદા ઉદાહરણ પુરૂ પાડવામાં આવેલ આ કાર્યક્રમમાં પોલીસ હેડ કવાર્ટરના ના.પો.અધિ.શ્રી જી.પી.ચૌહાણ તથા બોટાદ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો સુરક્ષા સેતુના આ કાર્યક્રમમાં માનવ મંદ સેવા આશ્રમના સંચાલક મંડળ તથા સ્થાનિક આગેવાનો પણ સહભાગી થયા હતા

અંજાર પોલીસે ગણતરીના કલાકોમાં હત્યાનો ભેદ ઉકલ્યો

ભુજ કચ્છ: અંજાર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન.૧૬/૨૦૧૯ ઈ.પી.કો કલમ-૩૦૨ વિગેરે મુજબનો ગુનો ગઈ તા.૧૪/૦૧/૨૦૧૯ ના રોજ જાહેર થયેલ હોય અને આ ગુનો પ્રથમ અનડીટેક હોય જે શોધી કાઢવા માટે મહે. પોલીસ મહાનિરીક્ષક ડી.બી.વઘેલા સરહદી રેન્જ ભુજ તથા મહે.પોલીસ અધિક્ષક પરીક્ષિતા રાઠોડની સુચના આપતા તે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક ડી. એસ. વાઘેલાનું માર્ગદર્શન મેળવી તેઓના માર્ગદર્શનમાં તપાસ ચાલુ રાખી જુદી જુદી ટીમો બનાવી આ ગુના કામે આરોપીઓ (૧) ગોવિંદ કંગુર ગૌડા ઉ.વ.૨૩ રહે. મુળ પીતલ થાના આસ્કા તા.આસ્કા જી.ગંજમ (ઓરીસ્સા) હાલે રહે.સરવે નં-૬ /૭ લેબર કોલોની ચૌધરી ટીમ્બર ઈન્ડ.પ્રા.લીમી. વરસાણા સીમ તા.અંજાર તથા (૨) સુશાંત કાંધીયા બહેરા ઉ.વ.૨૪ રહે. મુળ ભાલીયા પાડા થાના સુરડા તા.સુરડા જી.ગંજમ (ઓરીસ્સા) હાલે રહે.સરવે નં-૬ /૭ લેબર કોલોની ચૌધરી ટીમ્બર ઈન્ડ.પ્રા.લીમી. વરસાણા સીમ તા.અંજાર વાળાઓને આજ રોજ તા.૧૪/૦૧/૨૦૧૯ ના કલાક-૨૧/૪૫ વાગ્યે અટક કરવામાં આવેલ છે. આ બનાવ આ કામના આરોપી નં-૧ વાળાએ આ કામે મરણ જનાર ઈન્દ્રામણી સોલા ગૌડાને રૂપીયા ૩૦૦૦/- હાથ ઉછીના આપેલ હોય જે આ કામે મરણજનાર પરત આપતો ન હોય જેનુ મનદુખ રાખી આ કામના આરોપીઓએ સાથે મળી મરણ જનારને માંથા તથા મોઢાના ભાગે પથ્થરો મારી મોત નિપજાવેલાનું જણાઈ આવેલ છે.

આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેકટર આર.એલ રાઠોડ, પોલીસ સબ ઈન્સપેકટર જે. જે. જાડેજા વગેરે સ્ટાફના માણસો જોડાયા હતાં.

કાપડી સમાજ શિક્ષિત બનેઃ રાજયમંત્રી વાસણભાઈ આહિર

અંજાર ટાઉનહોલ ખાતે ડો. કાપડીની સમાજ સેવાને બિરદાવી પાઠવી શુભકામના



ભુજ, ઈશ્વરે તમને લોકોની સેવાની તક આપી છે, ભલો કેંધા તો ભલો થીધો, કોઈકનું ભલુ કરશો તો તમારૂ ભલુ થશે. સમાજને સમર્પિત, શહેરને સમર્પિત બની સેવા કરે તેની સમાજ હંમેશા કદર કરે છે, તેમ ગઈકાલે અખિલ કચ્છ કાપડી વૈષ્ણવ સાધુ સમાજ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૫૦ વર્ષની સેવા પ્રવૃતિની ગોલ્ડન જયુબિલી ઉજવણી પ્રસંગે ડો. મણીલાલ કાપડીને સન્માનપત્ર આપી સન્માનિત કરવાના કાર્યક્રમ પ્રસંગે રાજયમંત્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું.

આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ એવા અંજારના ધારાસભ્ય અને રાજયમંત્રી વાસણભાઈ આહિર તેમજ કાપડી સમાજના સંતો સર્વ મુળજીદાદા, ભરતદાદા, કથાકાર દિનેશભાઈ રાવલ, દિલીપરાજા, જગજીવનદાસજી, દયારામ કાપડી, જયંતિદાસજીના વરદહસ્તે કાર્યક્રમનો દીપ પ્રગટાવી પ્રારંભ કરાયો હતો.

આ પ્રસંગે રાજય સરકાર અને અંજારના જનપ્રતિનિધિ તરીકે ડો. મણીલાલ કાપડીને શુભેચ્છા સહ અભિનંદન પાઠવતાં સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોના કલ્યાણ રાજયમંત્રી વાસણભાઈ આહિરે આ તકે વધુમાં જણાવ્યું હતું કે, કાપડી સમાજ વધુને વધુ શિક્ષિત બને તે જરૂરી છે, તેમ જણાવી એવું સૂચન કર્યું હતું કે, શિક્ષણના માધ્યમથી દરેક ક્ષેત્રમાં સમાજલક્ષી કામ કરવાનો અને સમાજની સેવા કરવાનો અવસર પ્રાપ્ત થાય છે તેનું અદકેરૂ મહત્વ છે. જયારે કોઈ જરૂરિયાતમંદ, ગરીબ, દુઃખીયાનાં આંસુ લૂછવાનો અવસર મળે ત્યારે સેવાભાવનાથી સુષુશ્રા કરવા જેવું ઉત્તમ કાર્ય હંમેશા સમાજમાં સેવાની સુવાસ ફેલાવે છે.

આ પ્રસંગે ડો. કાપડી દ્વારા શાબ્દિક સ્વાગત કર્યું હતું. ડો. કાપડીની ૫૦ વર્ષની સેવાકીય કારર્કીદીનો પરિચય અપાયો હતો. કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ જોષીએ કર્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના પૂર્વાધ્યક્ષ કલ્પનાબેન શાહ, મનુભાઈ શાહ, કાપડી સમાજના મંત્રી દશરથભાઈ કાપડી, લાલજીભાઈ કાપડી, કાનજીભાઈ કાપડી, ડો. કાપડી પરિવારના સદસ્યો, શહેરના અગ્રગણ્ય નાગરિકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

હિરા ઉદ્યોગના નાના કારખાનેદારોને ઘર આંગણે બિઝનેસનું પ્લેટફોર્મ આપવા સરકાર તમામ પ્રયાસો કરશેઃ પરસોતમભાઈ રૂપાલા



જૂનાગઢમાં રત્ન આભુષણ સુવિધા કેન્દ્રનું ઉદઘાટન કરતા પરસોતમભાઈ રૂપાલા

જૂનાગઢ :ભારત સરકારના વાણિજય મંત્રાલયના સહયોગથી ચાલતી જેમ એન્ડ જવેલરી એકસપોર્ટ કાઉન્સીલ (જીજેઈપીસી) દ્વારા હિરા ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા માટે અને ઘર આંગણે ડાયમંડ પ્રોસેસીંગની સુવિધા નાના કારખાનેદારોને મળે તે માટે જૂનાગઢના આંબાવાડીમાં બનાવાયેલ કોમન ફેસીલીટી સેન્ટર ' રત્ન આભુષણ સુવિધા કેન્દ્ર ' નું આજે કેન્દ્રીય કૃષિ રાજય મંત્રી પરસોતમભાઈ રૂપાલાએ ઉદઘાટન કર્યું હતુ.

ગુજરાતમાં જૂનાગઢ ખાતે આ ચોથું સુવિધા કેન્દ્ર જીજેઈપીસી દ્વારા બનાવવામાં આવેલ છે. અગાઉ અમરેલી, પાલનપુર, વીસનગરમાં આ પ્રકારના સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. અન્ય શહેરોની જેમ જૂનાગઢમાં પણ સેન્ટરનું સંચાલન જૂનાગઢ ડાયમંડ એસો. દ્વારા કરવામાં આવશે.હિરાના નાના કારખાને દારોને હિરાનું લેસર કામ કે પ્રોસેસીગ માટે બહાર જવું પડતું હતું તે હવે જવું ન પડે અને હિરાના ધંધાને વેગ મળે તે માટે જે રીતે પંચાયત સ્વતંત્ર રીતે કામ કરે તે રીતે આ યુનિટ પણ સ્વતંત્ર રીતે કામ કરે તેવો કેન્દ્ર સરકારનો શુભ આશય છે.

આ પ્રસંગે કેન્દ્રીય કૃષિ રાજય મંત્રી પરસોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે હિરાના પોલેસીંગ જોબવર્કનો દુનિયાનો ૯૫ ટકા બીઝનેસ ભારતમાં છે. અને તેમાંય ૮૦ ટકા ગુજરાતનો ફાળો છે. સૌરાષ્ટ્રની ઈકોનોમી અને સુરતના વિકાસમાં પણ આ ઉદ્યોગનો ફાળો હોય સરકાર આ ઉદ્યોગને વેગ મળે અને પ્રોત્સાહન આપવા તમામ પ્રયાસ કરશે. હિરા ઉદ્યોગના પડકારોને સંઘ ભાવનાથી ઉકેલવાનું માર્ગદર્શન આપતા મંત્રીશ્રીએ વધુંમાં કહયું કે જે રીતે નાના ખેડુતો સાથે મળીને કોર્પોરેટ ફામ'ગ કરી શકે તે માટે ખેડૂતના હિતનું રક્ષણ કરીને સરકારે જે રીતે નિયમો બનાવી ખેડૂતોને આગળ લાવવા તેમજ તેની આવક બમણી કરવા જે નીતીઓ અમલમાં મુકી છે તે રીતે સામુહિક વિકાસ અને કામગીરી માટે હિરા ઉદ્યોગને પણ આવું પ્લેટફોર્મ મળે તે માટે હિરાના ઉદ્યોગકારોના સુચનો આવકાર્ય છે. મંત્રીએ જીએસટી અંગે ઘણા સુધારા કરવામાં આવ્યા છે તેમ કહી આ એક નેશન -એક કર માટેનો સરકારનો પ્રયાસ છે તેમ જણાવી જીએસટી કે અન્ય જે કાંઈ પ્રશ્નો હિરા ઉદ્યોગના હશે તેને ઉકેલવા સરકારનું મન ખુલ્લુ છે તેમ જણાવ્યું હતુ.

આ પ્રસંગે જીજેઈપીસી રીજીયન ચેરમેન દિનેશભાઈ નાવડીયાએ કાઉન્સીલ દ્વારા ગુજરાતમાં ૫ અને બહારના રાજયમાં ૪ મળી કુલ નવ સેન્ટર બનાવવાની કામગીરી તેમજ કુલ ૧૩ સેન્ટર માટે સરકારશ્રી દ્વારા રૂ.૫૦ કરોડની સહાય આપવામાં આવી છે તે અંગેની માહીતી આપી હતી. તેઓએ હિરા ઉદ્યોગના પડકારો અને તેના ઉલેલ માટેની રૂપરેખા રજુ કરી હતી.

ભારત સરકારના વાણીજય મંત્રાલયના ડે.સેક્રેટરી સેન્થીલ નાથન અને કાઉન્સીલના એકઝીકેટીવ ડાયરેકટર સબયાચી રેએ સેન્ટર કંઈ રીતે કામ કરશે તેની માહિતી આપી હતી. જૂનાગઢ ડાયમંડ એસો.ના પ્રમુખ ડી.કે. ઝાલાવડીયાએ સ્થાનિક કક્ષાએ સુચારૂ સંચાલન કરવામાં આવશે તેની માહિતી આપી હતી.

આ પ્રસંગે મેયર આધ્યશકિત બહેન મજમુદાર, અન્ય શહેરોના ડાયમંડ એસો.ના પ્રમુખ અને સેન્ટરના હોદેદારોનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં સુરતના અગ્રણી બાબુભાઈ ગુજરાતી, જૂનાગઢના પુર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂ, જયોતીબેન વાછાણી, શશીકાંતભાઈ ભીમાણી, પુનીતભાઈ શર્મા સહિતના અગ્રણીઓ અને હિરા સાથે સંકળાયેલા કારખાનેદારો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન સમીરભાઈ જોશી અને આભાર વિધિ પ્રવીણભાઈ શાહે કરી હતી.

તા.૨૪'મીએ ડાંગ જિલ્લાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

આહવા

મુખ્યમંત્રીશ્રીના ફરિયાદ નિવારણ કાર્યક્રમની શ્રૃંખલાનો વધુ એક જિલ્લા કક્ષાનો કાર્યક્રમ આગામી તા.૨૪/૧/૨૦૧૯નાં રોજ ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે કલેક્ટર શ્રી બી.કે.કુમારના અધ્યક્ષ્યા સ્થાને, કલેક્ટર કચેરીના સભાખંડમાં આયોજિત કરવામાં આવ્યો છે. ડાંગ કલેક્ટર શ્રી બી.કે.કુમાર તરફથી મળેલી એક અખબારી યાદીમાં જણાવાયા અનુસાર, આગામી તા.૨૪/૧/૨૦૧૯નાં રોજ સવારે ૧૧ વાગ્યાથી શરૂ થનારા આ જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે જિલ્લાના અરજદારોએ જે તે કચેરીને લગતા પ્રશ્નો, ફરિયાદો સીધા સંબંધિત કચેરીને મોકલી, તેની એક નકલ કલેક્ટર કચેરી, આહવાને તા.૧૯/૧/૨૦૧૯ સુધી મોકલી આપવા જણાવાયું છે. આ કાર્યક્રમમાં ન્યાયની કોર્ટમાં ચાલતા વિવાદ, મહેસૂલી કોર્ટને લગતા પ્રશ્નો, તથા સબ જ્યુડિશિયલ પ્રશ્નો સહિત નોકરીને લગતા પ્રશ્નોનો સમાવેશ કરાતો ન હોઈ, આવા પ્રશ્નો રજુ ન કરવા, તથા કાર્યક્રમના દિવસે અરજદારોને સ્વયં સમયસર ઉપસ્થિત રહેવા પણ જણાવાયું છે.

ઉનમાં પાકીટમાંથી રૂપિયા કાઢી લેવાતા બે યુવકો પર ખૂની હુમલો

ત્રણ યુવકોએ બે યુવાનોને લોખંડની પાઈપથી માર માર્યો

સુરત

ઉનમાં પાકીટમાંથી રૂપિયા કાઢી લેવા બાબતે ઝઘડો કરી ત્રણ યુવકોએ બે યુવક ઉપર લોખંડની પાઈપથી હુમલો કરી ઈજા પહોંચાડી હત્યાની કોશિષ કરી છે.

સચીન જીઆઈડીસી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઉન નરસિંગનગરમાં રહેતા કાલુ મજીદસરદારને આરોપી રખુલ ફારૂક મુલતાન પાકીટ મળ્યું હતું. જેમાં રૂપિયા ૨ હજાર હતા. આરોપી રખુલેને આ પાકીટ પરત કરી દીધું હતું. પરંતુઢ આરોપી રખુલે પાકિટમાં વધારે પૈસા હતા તેમ જણાવી આરોપી રખુલ, કાલુ ફારૂક, ઈન્શાન રજાકે ફરિયાદી કાલુ મજીદ અને શરીફ ઉલ સાથે ઝઘડો કરી લોખંડની પાઈપથી હુમલો કરી માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. આ બનાવ અંગે પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જ્યારે સામાપક્ષે કાલુ ફારૂકે આરોપી કાલુ વેસ્ટેન્ડીઝ, યામીત સાગર સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ટ્યુશન શિક્ષક દ્વારા વિદ્યાર્થિનીની છેડતી

સુરત

શહેરના બેગમપુરા વિસ્તારમાં ઘરમાં ટ્યુશન ચલાવતા શિક્ષકે વિદ્યાર્થિનીની છેડતી કરી હોવાનો આક્ષેપ લગાવ્યો હતો.બનાવની જાણ થતાં પરિવાર મહિધરપુરા પોલીસ સ્ટેશન પહોંચ્યું હતું. અને ઘટનાઅંગે હકીકત જણાવી હતી હાલ પોલીસ તપાસ કરી રહીછે.

બેગમપુરા વિસ્તારમાં વિજય નામનો શિક્ષક ઘરમાં ટ્યુશન કલાસીસ ચલાવે છે. અને નજીકમાં જ રહેતી ધોરણ ૧૧ ની વિદ્યાર્થીની ટ્યુશનમાં આવતી હતી. અને શિક્ષક દ્વારા તેની વારંવાર છેડતી કરવામાં આવતી હતી. જેથી વિદ્યાર્થીનીએ કંટાળીને પરિવારને જાણ કરી હતી અને પરિવાર મહિધરપુરા પોલીસ સ્ટેશન પહોંચી તમામ હકીકત જણાવી હતી. પોલીસે વિદ્યાર્થીની અનએ તેના પરિવારનું નિવેદના નોંધી પીઆઈ તપાસમાં જોડાયા હતા. પોલીસ પિડીતા વિદ્યાર્થીની સાથે શિખના ઘરે જવા રવાના થયા હોવાનું જાણવા મળે છે.

જિલ્લા વહીવટીતંત્રની દિવસ-રાતની કામગીરી હવે રંગ લાવી રહી છે

કચ્છમાં તંત્ર દ્વારા મંજૂર કરાયેલાં ૧૦૨ ઢોરવાડાઓમાં હવે નાના-મોટાં ૬૫,૩૨૯ પશુઓની કરાશે વ્યવસ્થિત નિભાવણી

ભુજ તાલુકામાં સૌથી વધુ ૩૪, લખપતમાં-૨૯,અબડાસા-૨૬, નખત્રાણા-૧૧ અને મુંદરામાં બે ઢોરવાડા ખુલ્યાં..

ભુજ, કચ્છમાં અછતની આવી પડેલી વિપરિત પરિસ્થિતિને ધ્યાને લઈ રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગત ઓગષ્ટ-સપ્ટેમ્બર માસથી જ રૂ. ૨/- ના રાહતદરે જ ઘાસચારો પૂરો પાડવા સાથેના ઝડપ પગલાં ભરવા સાથે જ ૧લી ઓકટોબરથી સમગ્ર કચ્છને અછતગ્રસ્ત જાહેર કરાયાં બાદ ૧૫મી ડિસેમ્બરથી ઢોરવાડા ખોલવાની પણ રાજય સરકાર દ્વારા જાહેરાત કરાઈ હતી.

રાજયના મહેસુલ વિભાગ દ્વારા તા.૧૦મી ડિસેમ્બરના તરત જ ઠરાવ બહાર પડાતાં રાજય સરકાર દ્વારા કેટલ કેમ્પ ખોલવાની કરાયેલી જોગવાઈ અનુસાર કચ્છ જિલ્લાના વહીવટીતંત્ર દ્વારા રજિસ્ટર્ડ સ્વૈચ્છિક સંસ્થાઓ/ટ્રસ્ટોની ઢોરવાડા ખોલવાની અરજીઓને મંજૂરીની મહોર મારવાની પ્રક્રિયા હાથ ધરાવાની સાથે જિલ્લા કલેકટર રેમ્યા મોહનના માર્ગદર્શન અન્વયે જિલ્લા વહીવટીતંત્રની દિવસ-રાતની કામગીરી હવે રંગ લાવી રહી છે.

કચ્છમાં છેલ્લાં એક-દોઢ માસથી કેટલ કેમ્પ ખોલવાનાં અરજીઓ સંદર્ભ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જે પ્રકારે કેટલ કેમ્પ ખોલવાની અરજીઓની ચકાસણીની કામગીરી ઝડપભેર અને સુપેરે પાર પડાઈ રહી છે , તેના પરિણામે સ્વૈચ્છિક સંસ્થાઓની વધુને વધુ સંખ્યામાં કેટલ કેમ્પોની અરજીઓનું નિરાકરણ થતું આવ્યું છે.

અછત શાખા દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર ૧૧મી જાન્યુઆરી સુધીમાં ૧૦૨ કેટલ કેમ્પોને વહીવટી તંત્ર દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે. હવે સૌથી વધુ ઢોરવાડા ભુજ તાલુકામાં ૩૪ મંજૂર કરાયાં છે, ત્યારબાદ લખપતમાં ૨૯ કાર્યરત છે. અબડાસામાં-૨૬, નખત્રાણામાં ૧૧ અને મુંદરામાં-૨ મળી ૧૦૨ ઢોરવાડામાં નાના પશુઓ(બચ્ચાં) ૧૩૨૯૦ જયારે ૫૨૦૩૯ મોટા પશુઓ સાથે ૬૫,૩૨૯ પશુનોની ઢોરવાડાઓમાં સંસ્થાઓ દ્વારા વ્યવસ્થિત નિભાવણી કાર્ય કરાશે.

જિલ્લા કલેકટર રેમ્યા મોહન દ્વારા પ્રાંતકક્ષાએ અપાતાં સીધાં માર્ગદર્શનને પરિણામે દરેક તાલુકામાં કેટલ કેમ્પ ખોલવાની ગતિવિધિની ઝડપભેર અમલવારી ઉડીને આંખે વળગે તેમ ઢોરવાડા ગત અઠવાડિયે ૮૭ની સંખ્યા હતી તેમાં ૧૫ નવા ઢોરવાડાનો વધારો થતાં સંખ્યા ૧૦૨ ઢોરવાડાને આંબી ચૂકી છે અને તેના દ્વારા ગત ૫૫,૩૬૪ પશુ સંખ્યા સામે વધારાના ૧૦ હજાર જેટલો વધારો થતાં હવે કુલ ૬૫,૩૨૯ પશુઓને સંસ્થાગત કેટલ કેમ્પમાં સમાવી લઈ તેનું વ્યવસ્થતિ નિભાવણી કરવાનું કાર્ય કરાશે.

ઝંખવાવમાં સુમુલ ડેરી અને કિરણ હોસ્પિટલ દ્વારા આરોગ્ય કેમ્પ યોજાયો

મેડિકલ કેમ્પનો બહોળી સંખ્યામાં ગ્રામજનો અને નગરજનોએ લાભ લીધો

સુરત

'રાજય સરકાર મા અમૃતમ અને કેન્દ્ર સરકાર આયુષ્માન ભારત યોજના થકી ગરીબો માટે ગુણવત્તાયુક્ત આરોગ્યસેવા આપવા પ્રતિબદ્ધ છે. રાજ્યના ૧૨ જિલ્લાઓમાં આંગણવાડીના બાળકો અને ધાત્રી માતાઓને પોષક આહાર પૂરા પાડીને સુમુલ ડેરી રાજય સરકારના કુપોષણને નાથવાના અભિયાનમાં સહયોગી બની છે. આદિવાસી વિસ્તારોમાં મેડિકલ કેમ્પના માધ્યમથી હજારો દર્દીઓને ઘરઆંગણે તજજ્ઞ ડોકટરોની સારવારનો નિઃશુલ્ક લાભ મળ્યો છે.', એમ માંગરોળ તાલુકાના ઝંખવાવ ખાતે સુમુલ ડેરી, કિરણ હોસ્પિટલ અને રોટરી આઈ ઈન્સ્ટિટયૂટ, નવસારીના સંયુક્ત ઉપક્રમે આયોજિત સર્વ રોગ નિદાન અને નેત્ર ચિકિત્સા કેમ્પને ખૂલ્લો મૂકતાં વન-આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું.

મેડીકલ કેમ્પમાં કાન-નાક-ગળા, મગજ, કિડની, માનસિક રોગ, બાળરોગ, સર્જરી, સાંધાના- હાડકાના રોગો, પેટના રોગો, હૃદયરોગો, કેન્સર સહિતના રોગોનું નિદાન અને સારવાર કરવામાં આવી હતી. કેમ્પમાં ઝંખવાવ તાલુકાના ૪,૦૦૦થી વધુ દર્દીઓએ વિવિધ રોગોમાં નિદાન અને સારવારનો લાભ મેળવ્યો હતો.

મોટી સંખ્યામાં આરોગ્ય સેવાનો લાભ લેવા ઉમટી પડેલા નગરજનોને નિઃશુલ્ક દવાઓ અને સારવાર પૂરી પાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ વધુમાં જણાવ્યું કે, આંખ, ગળા, ઓર્થોપેડિક, ચામડી સહિતના સર્વ રોગોના નિદાન, સારવાર માટેના આ કેમ્પનું આયોજન છેવાડાના ગરીબ અને આદિવાસી દર્દીઓ માટે આશિર્વાદરૂપ પુરવાર થયું છે. તેમણે દૂધ ઉત્પાદનમાં સહકારી ક્ષેત્રની અગ્રિમ સંસ્થા સુમુલ અને વિશ્વકક્ષાની આરોગ્યસેવાઓ પોષણક્ષમ દરોમાં પ્રદાન કરતી કિરણ હોસ્પિટલ તેમજ રોટરી આઈ ઈન્સ્ટિટયૂટ, નવસારીને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવાના પ્રયાસોની સરાહના કરી તેમના સેવાયજ્ઞ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે વિશ્વની સૌથી મોટી હેલ્થ વિમા યોજના 'આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના' નિરોગી સમાજના નિર્માણમાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે એવો વિશ્વાસ વ્યક્ત કરતાં ઉમેર્યું કે, રાજ્યના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ કેન્દ્ર સરકારે દેશના છેવાડાના માનવીની આરોગ્ય અને સુખાકારીની ચિંતા કરી છે. રાજ્યના ૪૪ લાખથી વધારે પરિવારો અને ૨.૨૫ કરોડ નાગરીકો સહિત ભારતના ૧૦.૭૪ કરોડ પરિવારોને વાર્ષિક ૫ લાખ રૂપિયા સુધીની નિઃશુલ્ક સારવાર મળી રહેશે. આ યોજના હેઠળ દેશભરમાં કોઈપણ સરકારી કે ખાનગી હોસ્પિટલમાં કોઈ ઝંઝટ વિના કેશલેસ સારવાર ઉપલબ્ધ થશે.

શ્રી વસાવાએ ઉપસ્થિત સૌને આ યોજનાનો બહોળી સંખ્યામાં લાભ લેવા જણાવ્યુ હતું. ઉપરાંત વ્યસનમુક્ત બનવા, ખાનપાનની અનિયમિતતા, ફાસ્ટ ફૂડની ટેવો સુધારવા ઉપસ્થિત સર્વને અનુરોધ કર્યો હતો. તેમણે તબીબી સ્ટાફને દર્દીઓ માટે જરૂરી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો અનુરોધ કર્યો હતો. કિરણ હોસ્પિટલના ટ્રસ્ટી પદ્મશ્રી મથુરભાઈ સવાણીએ પ્રાસંગિક ઉદબોધન કરી કિરણ હોસ્પિટલની સેવાકીય અન આરોગ્યલક્ષી પ્રવૃતિઓનો ચિતાર આપ્યો હતો. તેમણે અહી નિદાન કરાવનાર દર્દીઓની સુરતના કતારગામ સ્થિત કિરણ હોસ્પિટલમાં નિઃશુલ્ક સારવાર આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે કિરણ હોસ્પિટલના ટ્રસ્ટી વલ્લભભાઈ શેટા, સુમુલના વાઈસ ચેરમેન રિતેશ વસાવા, રોટરી આઈ ઈન્સ્ટિટયૂટના ડિરેક્ટરશ્રી જયંતીભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જગદીશભાઈ ગામીત સહિત તબીબી સ્ટાફ અને મોટી સંખ્યામાં તાલુકામાંથી ગ્રામજનો-નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનું તા. ૩૦મીએ વડા પ્રધાન મોદીના હસ્તે ઉદ્ઘાટન કરાશે

વડા પ્રધાન મોદી સુરતથી શારજાહથી પહેલી ફલાઈને લીલીઝંડી દેખાડશે

સુરત

સુરતના લોકો માટે ખુશીના સમાચાર છે. વર્ષોથી જેની કાગડોળે રાહ જોવામાં આવી રહી હતી તે ઈન્ટરનેશનલ એરપોર્ટનું સપનું ૩૦મીએ પુરુ થશે. ૩૦ જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાપર્ણ કરશે અને સુરત શારજાહની પહેલી ફલાઈટને લીલીઝંડી પણ આપશે. સુરતને ઈન્ટરનેશલ એરપોર્ટ શરૂ કરાવવા અને ઈટરનેશનેશનલ ફલાઈટ ચાલું કરાવવામાં સુરતના સાસંદ સી. આર. પાટીલની મહેનત આખરે રંગ લાવી છે. છે.પાટીલે કહ્યું હતું કે વડાપ્રધાન મોદીએ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાપર્ણ અને ફલાઈટ શરૂ કરવા માટે મંજૂરી આપી છે.સુરતના લાખો લોકોને ઈન્ટરનેશલ એરપોર્ટનો ફાયદો થશે એમ પાટીલે કહ્યું હતું. પહેલી ફલાઈટ સુરત શારજાહ અને ઓગસ્ટમાં સુરત બેંગકોકની ફલાઈટ શરૂ કરવામાં આવશે.ડોમેસ્ટીક ફલાઈટ પણ નવી કનેક્ટિવિટી માટેએરલાઈન્સો રસ લઈ રહી છે.

સુરતને નજીકના દિવસોમાં ઈન્ટરનેશનલ એરપોર્ટનો લાભ મળે તેવા સંકેત મળ્યા છે. આગામી એક જ સપ્તાહમાં સુરત એરપોર્ટ ઉપર કસ્ટમ ક્લિયરન્સ માટેની સુવિધા શરૂ કરવા માટેનું નોટિફિકેશન બહાર પડી જશે. સાંસદ સી.આર.પાટીલે તરફથી આવા સંકેતો આપવામાં આવ્યા છે.હાલમાં સુરત એરપોર્ટનો રન વે પણ ૨૯૦૫ મીટરનો થઈ ગયો હોવાથી ઈન્ટરનેશનલ એરપોર્ટના સ્ટાન્ડર્ડ પણ જળવાઈ જતા હોવાથી એર ઈન્ડિયા ઉપરાંત સ્પાઈસ જેટ અને એર એશિયા તરફથી પણ સુરતથી ઓપરેશન શરુ કરવાની તૈયારી દર્શાવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.સુરતથી આગામી ઓગસ્ટ મહિનાથી બેંગકોક, દુબઈ અને શારજાહની સીધી સેવા ચાલુ કરી દેવામાં આવે તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

સાંસદ સી.આર પાટિલે ઈન્ટરનેશનલ એરપોર્ટની માહિતી આપતા કહ્યું હતું કે એરપોર્ટ ઉપર એક અઠવાડિયાની અંદર જ કસ્ટમ ક્લિયરન્સ માટેની સુવિધા શરૂ કરવાનું નોટિફિકેશન બહાર પડી દેવામાં આવશે. કસ્ટમ ક્લિયરન્સ સુવિધા માટે કસ્ટમ ઓફિસર્સ અને સ્ટાફને માટે જરૂરી તમામ ફેસિલિટી ઉભી કરી દેવામાં આવી છે. ઉપરાંત તમામ પ્રકારના સ્કેનર્સથી માંડીને, ઓફિસર્સને માટેની ચેમ્બર્સ, સ્ટ્રોંગરૂમ, ઈન્ટ્રોગેશન રૂમ જેવી તમામ બાબતોને સાંકળીને એરપોર્ટ ઉપર કસ્ટમ ક્લિયરન્સ માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

તેમણે એવું પણ કહ્યું હતું કે, એરપોર્ટ ઉપર વિમાનોને લેન્ડ થવા માટે જે મોટા બિલ્ડિંગો નડતરરૂપ છે. તેને માટે પાલિકા અને એરપોર્ટ ઓથોરિટીની જોઈન્ટ કમિટિ બનાવાઈ છે. તેમાં અડચણરૂપ જણાય તો તેવી ઈમારતોને દૂર કરવા માટેની તજવીજ કરાશે. એટલું જ નહીં સુરત એરપોર્ટ ઉપર હજુ વધુ એર કનેક્ટિવિટી શરૂ થાય તે માટેના પ્રયત્નો જારી છે. એર એશિયા અને ઈન્ડિગો સુરતથી ફ્લાઈટ શરૂ કરવા માટે આતુર છે.

૮૩.૫૧ કરોડના વિકાસકામો હાલમાં ચાલી રહ્યાં છે. તેમાં ૧ કરોડ રૂપિયાના ખર્ચે હાલના ટર્મિનલ બિલ્ડિંગને લિમિટેડ ઈન્ટરનેશનલ એરપોર્ટ ફેસિલિટીને લાયક બનાવવા મોડિફાય કરાઈ રહ્યું છે. હાલના રન-વેને રૂ.૭૨.૧૪ કરોડના ખર્ચે રિ-કાર્પેટિંગ કરાયો છે. ૧૦.૩૭ કરોડના ખર્ચે કાર્ગો ટર્મિનલ કોમ્પલેક્સ ઊભુ કરાઈ રહ્યું છે, જે ઓગસ્ટ-૨૦૧૮ સુધીમાં પુરુ થઈ જશે.

૩૬૩ કરોડનો ખર્ચે માગતા કામો સુરત એરપોર્ટ માટે પ્લાનિંગમાં લેવાય ચૂક્યા છે, તેમાં ૨૩૧ કરોડના ખર્ચે હાલના ટર્મિનલ બિલ્ડિંગનું વિસ્તરણ કરવાનું વિચારાયુ છે, વિસ્તરણથી ટર્મિનલ ૧૭૦૪૬ ચોરસમીટરથી વધીને ૨૫૫૨૦ ચોરસમીટર ક્ષેત્રફળનું થશે. ટર્મિનલની કેપેસિટી વર્ષે ૨૬ લાખ લોકોની અવરજવર થઈ શકે તેટલી રહેશે. ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં વધારાના ૧૦ વિમાનના પાર્કિંગ સ્ટેન્ડ માટે એપ્રન અને ટેક્સી ટ્રેક બનાવાશે. સુરત એરપોર્ટ ઉપર લાંબા ગાળાના કામોનું જે આયોજન વિચારાયુ છે, તેમાં એરપોર્ટ ઉપર નવા લોકેશન ઉપર નવુ ઈન્ટીગ્રેટેડ ટર્મિનલ બિલ્ડિંગ બનાવવું. ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ માટે રનવેનું વધુ વિસ્તરણ કરીને ૩૮૧૦ મીટર લાંબો કરવાનું પણ લાંબા ગાળાના કામ તરીકે વિચારાયુ છે.

જેગુઆર લેન્ડ રોવર એ ૨૦૧૮માં વેચાણમાં ૧૬ ટકાનો વધારો

અડધોઅડધ વેચાણ એસયુવી પ્રેરિત નોંધાયું

સુરત

જેગુઆર લેન્ડ રોવર ઈન્ડિયાએ જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૧૮ના સમયગાળામાં ૧૬ ટકાની વૃદ્ધિ નોંધાવી હોવાની જાહેરાત કરી છે. ૪૫૯૬ યુનિટ્સના વેચાણ સાથે જેગુઆર લેન્ડ રોવર ઈન્ડિયાએ આજ સુધીનું સૌથી વધુ તિથિ વર્ષનું વોલ્યુમ નોંધાવ્યું છે. જેગુઆર લેન્ડ રોવરના વેચાણમાં ભારતમાં વૃદ્ધિ મોટે ભાગે લેન્ડ રોવર ડિસ્કવરી સ્પોર્ટ, રેન્જ રોવર ઈવોક, જેગુઆર એફ-પેસ એક્સઈ અને એક્સએફ જેવા મોડેલોથી પ્રેરિત છે, જેમાં ૨૦૧૮માં અડધોઅડધ વેચાણ એસયુવીથી પ્રેરિત હતું.

જેગુઆર લેન્ડ રોવર ઈન્ડિયા (જેએલઆર આઈએલ)ના પ્રેસિડેન્ટ અને મેનેજિંગ ડાયરેક્ટર રોહિત સુરીએ જણાવ્યું હતું કે વાહન ઉદ્યોગે ૨૦૧૮માં ખાસ કરીને બીજા અર્ધવાર્ષિકમાં તંગ પ્રવાહિતા સ્થિતિઓ, વધતો ઉપલક વીમા ખર્ચ અને વધતા ધિરાણ દરોને લીધે ઘટાડાનો સામનો કર્યો હતો. આમ છતાં ભારતમાં જેગુઆર લેન્ડ રોવરની વૃદ્ધિ અમારે માટે પ્રોત્સાહનજનક છે અને અમે મજબૂત પ્રોડક્ટ લોન્ચીસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખ્યું છે અને બે પ્રતીકાત્મક બ્રાન્ડ્સ જેગુઆર અને લેન્ડ રોવર માટે ૨૦૧૯માં ઉત્તમ ગ્રાહક અનુભવ પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખીશું.











તંત્રી સ્થાનેથી...

વિડિયો ગેમને લઇ ભ્રમ

વિડિયો ગેમ્સને લઈને હાલમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસ બાદ કેટલીક પ્રકારની ગેરસમજ દુર થઈ રહી છે. ટેકનોલોજી ક્ષેત્રની કંપની ડેલ તરફથી કરવામાં આવેલા નવા સર્વેમાં ભારત સહિત ૧૧ દેશોના ૫૭૬૩ ગેમર્સને સામેલ કરવામાં આવ્યા હતા. આ સ્ટડી રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે આશરે ૫૦ ટકા યુવાને લાગે છે કે ગેમિંગથી તેમને સ્ટ્રેટેજિક થિંકર બનવામાં મદદ મળી રહી છે. આના કારણે ચીજોને નિહાળવા, સમજવા અને ઓળખ કરીને રિએક્ટ કરવા સાથે સંબંધિત તેમની ક્ષમતાને વધારી દેવામાં ભૂમિકા અદા કરી છે. આશરે ૪૬ ટકા લોકોને લાગે છે કે ગેંમિંગના કારણે તેઓ વધારે સ્પર્ધાત્મક બની ગયા છે. ૩૭ ટકા લોકોનુ કહેવુ છે કે ગેમર તરીકે તેમની ઓળખ ઉભી થાય તેમાં તેમને કોઈ ખોટુ દેખાતુ નથી. જો કે આના બદલે તેઓ વધારે સ્પર્ધાત્મક તરીકે પોતાને અનુભવ કરે છે. આ ગેમર્સની પોતાની ફિલિંગથી આગળ વધવામાં આવે તો આ સ્ટડી રિપોર્ટથી સ્પષ્ટ થઈ જાય છે કે ગેમિંગ તેમને જીવનના અન્ય પાસાથી અલગ કરી રહી નથી. આશરે ૬૮ ટકા ગેમર મ્યુઝિકના શોખીન હોવાની વિગત સપાટી પર આવી છે. બીજી બાજુ ૫૭ ટકા લોકોને પરિવાર અને મિત્રતોની સાથે સમય ગાળવાનુ વધારે પસંદ છે. ૫૬ ટકા લોકોએ પ્રવાસને પ્રાથમિકતા આપી છે. ૪૦ ટકા ગેમર કહે છે કે તેમને ભણવામાં અને વાચવામાં વધારે મજા પડે છે. વધુ એક બાબત ઉપયોગી છે તે એ છે કે ગેમિંગ કપલ્સને પણ નજીક લાવવામાં ભૂમિકા અદા કરે છે. ભારતના ૨૫ ટકા ગેમરનુ કહેવુ છે કે તેમના પત્નિ પણ ગેમિંગ કરે છે. ૩૦ ટકા લોકોનુ કહેવુ છે કે ગેમિંગના શોખના કારણે લોકોની સાથે સંબંધ મજબુત કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. ગેમિંગના ક્ષેત્રમાં નવા નવા ઈનોવેશન થઈ રહ્યા છે. નવી પેઢીની ઉત્સુકતા તેમાં વધી રહી છે. એક સમાજના રૂપમાં અમે તેને નકારાત્મક રીતે લઈ રહ્યા છીએ. વાલીઓ પહેલા માનતા હતા કે રમશો તો કેરિયર ખરાબ થશે. ગેમમાં પણ જુદી જુદી શ્રેણી રહેલી છે. સેક્સ, હિંસા, વંશીય ભાવનાને ઉશ્કેરવાની બાબતનો સમાવેશ થાય છે. તેમના પર રોક મુકવામાં આવે તે જરૂરી છે. ગેમની દુનિયા અહીં ખતમ થતી નથી. ગેમના જો નેગેટિવ જ પાસા રહ્યા હોત તો જોત જોતામાં ગેમિગ કારોબારનો આંકડો ૨૦૦૦ કરોડ સુધી ન પહોંચી ગયો હોત. બાળપણથી જ ગેમિંગના શોખીન રહેલા લોકો આજે સમાજમાં પોઝિટીવ યોગદાન આપી રહ્યા નથી. હવે સમય આવી ગયો છે કે અમે ગેમિંગને લઈને એક તરફી જે પ્રવાહ રહેલો છે તે સંબંધમાં ફેરવિચારણા કરીએ. કારણ કે ગેમિંગના મામલે જુદા જુદા અભિપ્રાય હવે આવી રહ્યા છે. ગેમિંગના કારણે વધારે ફાયકો થઈ રહ્યો છે અને તેઓ વધારે એક્ટિવ થઈ રહ્યા છે તેમ માનનાર લોકોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતીમાં ખેલ ખેલમાં કેટલીક સારી બાબત પણ સપાટી પર આવી રહી છે. ગેમિંગને લઈને એકતરફી વલણ રાખવાની બાબત જોખમી પુરવાર થઈ શકે છે. ગેમિંગ આજના સમયમાં બાળકોની પ્રથમ પસંદગી તરીકે છે.

ગેમિંગના લીધે સ્ટ્રેટેજિનક થિંકર બનવામાં મદદ મળી રહી હોવાનો અભિપ્રાય વ્યક્ત

આસ્થા, વિશ્વાસ, સંસ્કૃતિના મહાપર્વ કુંભની શરૂઆત થઈ...

આ કુંભ છે જે દરેકના મનમાં વસે છે



સદીઓથી કુંભનુ આયોજન થતુ રહ્યુ છે : કુંભનુ આયોજન કેટલીક વખત ભવ્ય ન રહ્યુ હોવા છતાં વિરાટ, પ્રચંડ તો છે : કરોડો શ્રદ્ધાળ પહોંચશે

આસ્થા, વિશ્વાસ, સંસ્કૃતિ અને મિનાલના મહાપર્વ તરીકે કુંભને ગણવામાં આવે છે. આની ભવ્ય શરૂઆત મંગળવારના દિવસે થઈ ચુકી છે. શાહી સ્નાનની સાથે તેની ભવ્ય શરૂઆત થઈ છે. આ કુંભ છે જે કરોડો લોકોના દિલમાં વસે છે. સદીઓથી આનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે અને શ્રદ્ધાળુઓ એટલા જ ઉત્સાહ અને શ્રદ્ધા સાથે અહીં પહોંચતા રહ્યા છે. આ વખતે યોગી આદિત્યનાથના નેતૃત્વમાં ભાજપ સરકારે કુંભનુ ભવ્ય આયોજન કર્યુ છે. તમામ કુંભ કરતા આ વખતે આકર્ષણ અને ભવ્યતા વધારે જોરદાર છે. સમયની સાથે સાથે કુંભ મેળામાં પણ સતત ફેરફારો થતા રહ્યા છે. જો કે તેના મુલ્યો આજે પણ અકબંધ રહ્યા છે. કુંભ સ્નાનના ખાસ મહત્વ રહેલા છે. કેટલાક લોકો તો એવા પણ દેશમાં મળી જશે જે શાહી સ્નાનને ક્યારેય ચુક્યા નથી. કુંભનુ આયોજન હમેંશા ભવ્ય ભલે રહ્યુ ન હોય પરંતુ વિશાલ અને વિરાટ તેમજ પ્રચંડ ચોક્કસપણે હોય છે. કારણ કે આમાં શ્રદ્ધાળુઓની સંખ્યા તો કરોડોમાં પહોંચે છે. જે સમયમાં દુરસંચાર અને આવવા જવા માટેના પુરતા સાધન ન હતા ત્યારે પણ કુંભમાં પવિત્ર સ્નાન કરવા માટે લાખો લોકો પહોંચતા હતા. સંગમના ઘાટ પર એ વખતે પણ ભરચક ભીડ રહેતી હતી. સમગ્ર ભારતમાંથી કુંભમાં લોકો પહોંચે છે. પહેલા લોકો ઓછા ભણેલા હતા છતાં દુર દુર સુધીના ગામોમાં રહેનાર લોકોને પણ ખબર પડતી હતી કે પવિત્ર સ્નાનની તારીખ કઈ કઈ રાખવામાં આવી છે. સેંકડો કિલોમીટર સુધી ચાલતા આવીને પણ લોકો પવિત્ર સ્નાનની વિધીમાં ભાગ લેતા હતા. લોકો નિર્ધારિત દિવસ કરતા જ પહેલા ઘાટ પર પહોંચી જતા હતા. સંગમના ઘાટ પર પુરતી સુવિધા પહેલા ન હતી જેથીોકો પહેલા પોતાની સાથે અનાજ અને બીજી તમામ ચીજો સાથે લઈને આવતા હતા. સાથે સાથે સમુહમાં લોકો આવતા હતા. સપ્તાહ સુધી લોકો સફરમાંમ રહેતા હતા. પુણ્ય અને ભક્તિના રસના આકર્ષણ તેમને ત્યાં ખેંચીને લઈ જતા હતા. ચોક્કસપણે સમયની સાથે સાથે કુંભ અને ભક્તિના સ્વરૂપમાં ફેરફારની સ્થિતી જોવા મળી છે. જેથી તેના સ્વરૂપમાં ફેરફારો પણ થયા છે. કેટલાક લોકો જે કુંભમાં શાહી સ્નાન કરી ચુક્યા છે તે લોકોનુ કહેવુ છે કે પહેલા તે સમયમાં બે પૈસામાં મળનાર પંચાગથી શાહી સ્નાન અંગે માહિતી મળતી હતી. ૧૯૫૪ના મહા કુંભની યાદ કરતા પ્રયાગરાજના ૮૦ વર્ષીય પતિરાજી દેવીએ કહ્યુ છે કે કુંભ અંગે માહિતી પંચાગથી મળી જશે. સમયની સાથે સાથે જે રીતે કુંભની ભવ્યતા વધી છે તેમાં કેટલાક લોકો જુની યાદોને ભુલી ગયા છે.એ વખતે કેટલાક લોકો કલ્પવાસ કરતા હતા. કલ્પવાસમાં સંગમ કાઠે ઝુંપડીમાં રહીને લોકો દર રોજ સ્નાન અને પુજા અર્ચના કરતા હતા. પોતે ભોજન બનાવીને જમતા હતા. એ વખતે સરકારની તરફથી કોઈ વ્યવસ્થા કરવામાં આવતી ન હતી. દેશભરમાંથી લોકો સેંકડો કિલોમીટર ચાલીને આવતા હતા. રેલગાડીઓ અને બસની સુવિધા નહીંવત જેવી હતી. પોતે પોતાની ઝુંપડી બનાવતા હતા અને સપ્તાહ સુધી ચાલે તે પ્રમાણમાં રેશનિંગ સામાન લાવતા હતા. દેશને સ્વતંત્રતા મળ્યા બાદ કુંભ મેળાને મહત્વ આપવા માટે સતત વધુને વધુ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ વખતે તો યોગી સરકારે તેને ભવ્ય બનાવવા માટે કોઈ કસર બાકી રાખી નથી. રેલવે અને પરિવહનની ખાસ વ્યવસ્થા દેશના જુદા જુદા ભાગોથી આવતા લોકો માટે કરવામાં આવી છે. ઘાટ પર તમામ નવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કોઈને કોઈ તકલીફ ન પડે તે માટે દરેક વ્યવસ્થા કરવામાં આવી રહી છે. વિતેલા વર્ષોમાં તો કેટલાક લોકો ઠંડીના કારણે અવસાન પામી જતા હતા. એ વખતે તેમની સાથે આવેલા લોકો અહીં જ તેમના અંતિમસંસ્કાર કરી દેતા હતા. હવે તો કેટલીક સુવિધા વધી ગઈ છે. જેથી તેની ભવ્યતા વધી ગઈ છે. કુંભના ઈતિહાસ સાથે કેટલીક માન્યતા જોડાયેલી રહેલી છે. કુંભની આજે શરૂઆત થયા બાદ સાધુ સંતો દ્વારા સ્નાનની પ્રક્રિયા શરૂ થઈ હતી. સાધુ સંતો બાદ શ્રદ્ધાળુઓ દ્વારા પવિત્ર ડુબકી લગાવીને ધન્યતા અનુભવી હતી. કુંભ હવે કેટાલાક દિવસ સુધી ચાલનાર છે. જેમાં કરોડો લોકો દેશના જુદા જુદા ભાગોમાંથી પહોંચાનાર છે. કુંભ મેળાનુ ભારતમાં ખાસ મહત્વ રહેલુ છે. સદીઓથી તેનુ મહત્વ હોવા છતાં આજે પણ તેના મહત્વમાં અને શ્રદ્ધામાં કોઈ કમી આવી નથી.

ભાજપ માટે વર્ષ ૨૦૧૪ જેવી સફળતા મેળવવી ખુબ મુશ્કેલ છે...

લોકસભા ચૂંટણી : બધા પક્ષોની તૈયારી



કોંગ્રેસમાં હાલમાં નવા પ્રાણ ફુંકાયા બાદ નવો ઉત્સાહ : સપ અને સપા એક થયા છે : એનડીએના ઘટકોમાં તિરાડ પડતા અનેક નવા પડકારો

વર્ષ ૨૦૧૯માં યોજનાર લોકસભાની ચૂંટણીમાં જીત મેળવવા માટે દરેક રાજકીય પક્ષ અને દરેક ગઠબંધન દ્વારા જોરદાર તૈયારી કરવામાં આવી રહી છે. ચૂંટણી આડે હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે ત્યારે તમામ પાર્ટી તેમની પાસે રહેલા દરેક દાવપેંચને અજમાવી રહી છે. એકબાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સામે આ વખતે ૨૦૧૪ની ચૂંટણી જેવો ઐતિહાસિક દેખાવ કરવાની બાબત ખુબ મુશ્કેલ દેખાઈ રહી છે. કારણ કે એકબાજુ તેના નેતૃત્વમાં સાથી પક્ષો એકમત દેખાઈ રહ્યા નથી. શિવ સેના, અપના દળ અને અન્ય પક્ષો ભાજપ માટે ગઠબંધનમાં હોવા છતાં સમસ્યા સર્જી રહ્યા છે. બીજી બાજુ કેટલાક જુના ઘટક પક્ષો એનડીએનો સાથ છોડી ચુક્યા છે. મોદીને કોઈ પણ રીતે હાર આપવા માટે વિરોધીઓ ભેગા થઈ રહ્યા છે. બીજી બાજુ મોદીને સાથ આપવા એનડીએમાં પણ પૂર્ણ એકમતતા દેખાતી નથી. હાલમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીએ તેની પાસેથી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢ આંચકી લીધા બાદ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોમાં નવો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આવી સ્થિતીમાં તેમની પાર્ટીના પણ છેલ્લી ચૂંટણી કરતા ખુબ સારા દેખાવની અપેક્ષા રહેલી છે. જો કે કોંગ્રેસ અને ભાજપ સહિત તમામ પાર્ટીઓ માટે આગામી દિવસોમાં બેઠકોની વહેંચણી વેળા મુખ્ય સમસ્યા આવનાર છે. તમામ રાજકીય પક્ષો પોત પોતાની ગણતરી કરી રહ્યા છે. મોટી મોટી મહત્વકાંક્ષાના કારણે દરેક પાર્ટી સામે બેઠકની વહેંચણીની સમસ્યા ઉભી થાય તેમ માનવામાં આવે છે. રાજકીય પંડિતો પણ નક્કરપણે માને છે કે વર્ષ ૨૦૧૯માં યોજાનાર ચૂંટણીમાં બેઠકોની વહેંચણી તમામ માટે માથાના દુખાવા સમાન રહેનાર છે. કોઈ પાર્ટી પોતાના અસ્તિત્વને લઈને જોખમ લેવા માટે તૈયાર નથી. ખાસ કરીને મોટી પ્રાદેશિક પાર્ટીઓ ભાજપ અને કોંગ્રેસ માટે સમસ્યા ઉભી કરી શકે છે. મોટી પાર્ટીઓ નવા ગઠબંધન બનાવવા માટેના પ્રયાસમાં છે. જો કે તેમની સાથે બેઠકોની વહેંચણી મુખ્ય સમસ્યા તરીકે આવી રહી છે. પહેલા જે રાજ્યોમાં ભાજપજુનિયર પાર્ટનર તરીકે છે ત્યાં પાર્ટીએ તેમની સ્થિતી ખુબ મજબુત બનાવી છે. આવી સ્થિતીમાં ક્ષેત્રીય પાર્ટીઓ માટે પડકારો વધી ગયા છે. જે પાર્ટી ભાજપની વિરુદ્ધમાં છે તેમના માટે સૌથી મોટી બાબત બીજા પક્ષો સાથે બેઠકોને લઈને તાલમેલ બેસાડી દેવાની છે. સાથે સાથે મતભેદો દુર કરીને કઈ રીતે આગળ વધવામાં આવે તે પણ સમસ્યા છે. એવી પણ પાર્ટીઓ છે જેમની મુખ્ય વિરોધી પાર્ટી કોંગ્રેસ પાર્ટી છે. સાથે સાથે આ પાર્ટી એવા કોઈ ગઠબંધનમાં સામેલ થઈ શકે નહીં જ્યાં કોંગ્રેસ પણ અંદર છે. કેટલાક પક્ષો હજુ પત્તા ખોલવા માટે બિલકુલ તૈયાર નથી. તમામ પાર્ટીઓ સ્થિતીની સમીક્ષા કર્યા બાદ જ કોઈ નવી જાહેરાત કરનાર છે. જેટલી વધુ સીટ જીતી શકાય તેટલી સીટ માટે ખાતરી કરવામાં આવી રહી છે. રાજ્યવાર ચિત્ર પર નજર કરવામાં આવે તો જોઈ શકાય છે કેરાજકીય રીતે ખુબ ઉપયોગી ગણાતા અને કેન્દ્રમાં સત્તામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર ઉત્તરપ્રદેશમાં લોકસભાની ૮૦ સીટો છે. જે પૈકી ભાજપ પાસે ૭૧ સીટ છે અને અપના દળની બે સીટો છે. સમાજવાદી પાર્ટીની પાંચ અને કોંગ્રેસની માત્ર બે સીટો છે. ૨૦૧૪ લોકસભાની ચૂંટણીમાં માયાવતીને મરણતોળ ફટકો પડ્યો હતો. કારણકે તેમની પાર્ટી બહુજન સમાજ પાર્ટીનુ ખાતુ પણ ખુલ્યુ ન હતુ. વર્ષ ૨૦૧૭માં વિધાનસભા ચૂંટણીમાં પણ એનડીએ દ્વારા જોરદાર સપાટો બોલાવી દેવામાં આવ્યો હતો. જ્યારે એનડીએને ૪૦૩ સીટ પૈકી ૩૨૫ સીટ મળી હતી. લોકસભા અને રાજય વિધાનસભાની ચૂંટણીમાં બસપ અને સપાની કારમી હાર થયા બાદ આ બંને પાર્ટીઓ સાથે મળીને ચૂંટણી લડવા તૈયાર થઈ ચુકી છે. તેમની વચ્ચે બેઠકોની વહેંચણી માટેની જાહેરાત પણ થઈ ચુકી છે. તમામ પાર્ટીની હાલત કફોડી બનેલી છે. વર્ષ ૨૦૧૯માં બેઠકોની વહેંચણી મોટી સમસ્યા છે. મહારાષ્ટ્રની ૪૮ સીટની વાત કરવામાં આવે તો ભાજપને ૨૨ સીટો મળી હતી. શિવસેનાને ૧૮ અને એનસીપીને છ સીટ મળી હતી. શિવસેના અલગ રીતે ચૂંટણી લડવા માટે ઈચ્છુક છે. જો કે ભાજપ શિવસેના સાથે ગઠબંધનને જારી રાખવા માટે ઉત્સુક છે. ભાજપ અને શિવસેનાને સત્તા વિરોધી લહેરનો સામનો કરવો પડનાર છે. વર્ષ ૨૦૧૯માં બન્ને ૨૦૧૪ની જેમ જ સાથે મેદાનમાં ઉતરી શકે છે. પશ્ચિમ બંગાળની ૪૨ લોકસભા સીટ પર ચૂંટણી નિર્ણાયક રહી શકે છે. વર્ષ ૨૦૧૪માં તૃણમુળ કોંગ્રેસને ૩૪ સીટ મળી હતી. કોંગ્રેસને ચાર સીટો મળી હતી. ભાજપ અને ડાબેરીઓને બે બે સીટ મળી હતી. બંગાળમાં પણ કોંગ્રેસ અને મમતા વચ્ચે જોડાણની શક્યતા દેખાઈ રહીછે. જો કે મમતા કેટલી બેઠક કોંગ્રેસને આપી શકે છે તે બાબત ઉપયોગી રહેશે. કોંગ્રેસને વર્ષ ૨૦૧૪માં ચાર સીટ મળી હતી. ભાજપ ૨૦થી વધારે સીટ જીતવા માટે ટાર્ગેટ ધરાવે છે. ભાજપ અને મમતાના મુખ્ય વિરોધ પક્ષ તરીકે છે. બિહારમાં ચિત્ર રોમાંચક બનનાર છે. ૨૦૧૪માં ભાજપને ૨૨ અને એલજેપીને છ સીટ મળી હતી. આરએલએસપીને ત્રણ સીટ મળી હતી. એકલા હાથે ચૂંટણી લડનાર જેડીયુને માત્ર બે સીટ મળી હતી. આરજેડીને ચાર અને કોંગ્રેસને કોઈ સીટ મળી ન હતી. આરજેડીનુ નેટવર્ક વધ્યુ છે. કારણ કે તેમની સાથે યાદવ અને મુસ્લિમ મતદારો રહેલા છે.બિહારમાં ભાજપ અને જેડીયુ સાથે મળીને ચૂંટણી લડનાર છે.

મોદી વિરુદ્ધ તમામ પાર્ટી

લોકસભાની ચૂંટણી આ વખતે નરેન્દ્ર મોદી માટે સૌથી મુશ્કેલ લડાઈ બનનાર છે. કારણ કે તેમને કોઈ પણ રીતે પરાજિત કરવા માટે તમામ પક્ષો કોઈને કોઈ રીતે પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે સાથે દેખાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં વર્ષ ૨૦૧૪ની જેમ પ્રચંડ બહુમતિ સાથે મોદી તેમની લોકપ્રિયતા વચ્ચે જીતી શકશે કે કેમ તેને લઈને દેશના મતદારો ચર્ચામાં છે. નોટબંધી, જીએસટી જેવા કઠોર નિર્ણય અને સાથે સાથે બેરોજગારી, ખેડુતોની નારાજગી જેવા મુદ્દા પણ રહેલા છે. જે મોદીના દેખાવ પર અસર કરી શકે છે. જો કે તેમના દ્વારા લેવામાં આવેલા લોકહિતના પગલા પણ અનેક છે. જે પ્રજા ધ્યાનમાં લેશે. કેન્દ્રની રાજનીતિમાં સૌથી ઉપયોગી ભૂમિકા અદા કરનાર યુપીમાં બસપ અને સપાએ હાથ મિલાવી લીધા બાદ ભાજપના દેખાવ ચોક્કસપણ માઠી અસર થશે તેમાં કોઈ બેમત નથી. મોદી અને અમિત શાહે તમામ તાકાત યુપીમાં લગાવી દીધી હોવા છતાં વર્ષ ૨૦૧૪નુ પુનરાવર્તન થઈ શકશે તેમ કહેનાર લોકો હવે ગણતરીના છે. જો કે ભાજપના લોકો ખાસ કરીને મોદી અને શાહ પહેલા કરતા મોટી જીતનો દાવો કરી રહ્યા છે. દેશની રાજનીતિમાં આ ચૂંટણી નિર્ણાયક છે. મોદીને હરાવવા માટે એકબાજુ માયાવતી અને અખિલેશ એક મંચ પર છે. જ્યારે મમતા બેનર્જી બિન ભાજપ ક્ષેત્રીય પક્ષોની સાથે મળીને મોદીને હાર આપવા માટે તૈયાર છે. ચન્દ્રાબાબુ નાયડુ એનજીએનો સાથ છોડી ચુક્યા છે. હાલમાં કેટલીક નિરાશા સાંપડી છે. આવી સ્થિતીતીમાં મોદી તમામ હરિફોને કઈ રીતે પાછળ છોડે છે તે બાબત પર તમામની નજર રહેશે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી રાફેલ મામલે મોદીની પ્રતિષ્ઠા ખરડવાના પ્રયાસમાં લાગેલા છે. હાલમાં આમાં તેમને સફળતા પણ હાથ લાગી છે. ખેડુતો અને યુવાનોની નારાજગીને સજીવન રાખવાના રાહુલ પ્રયાસ કરી રહ્યા છે. આમાં કેટલાક અંશે સફળતા મળી છે. જેના સંકેત રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં જોવા મળી છે.

મહારાણા પ્રતાપના મજબૂત ઈરાદાઓએ અકબરના સેનાનાયકોના તમામ પ્રયત્નોને નિષ્ફળ બનાવી દિધા હતા

"મહારાણા પ્રતાપ (૯મી મે, ૧૫૪૦- ૧૯મી જાન્યુઆરી, ૧૫૯૭) ઉદેપુર, મેવાડમાં સિસોદીયા રાજવંશના રાજા હતા. તેમનો જન્મ રાજસ્થાનના પાલી શહેરમાં મહારાણા ઉદયસિંહ અને રાણી જિવત કંવરના ઘરમાં થયો હતો. કેટલાક ઇતિહાસકારોનું માનવું છે કે તેમનો જન્મ કુંભલગઢ (હાલના રાજસમંદ જિલ્લા)માં થયો હતો. ૧૫૭૬માં હલ્દીઘાટીના યુદ્ધમાં ૨૦,૦૦૦ રાજપુતોને સાથે રાખીને રાણા પ્રતાપે મોગલ સરદાર રાજા માનસિહની ૮૦,૦૦૦ની સેનાનો સામનો કર્યો હતો અને રાજપૂતોને દુશ્મનોથી બચાવ્યા હતા. દુશ્મનોથી ઘેરાઈ ચુકેલા મહારાણા પ્રતાપને શક્તિ સિંહે બચાવ્યા હતા. આ યુદ્ધમાં તેમના પ્રિય ઘોડા ચેતકનું અવસાન થયું હતુ. આ યુદ્ધ માત્ર એક દિવસ ચાલ્યું હતું પરંતુ તેમાં ૧૭,૦૦૦ સૈનિકો ખુવાર થઈ ગયા હતા. મેવાડને જીતવા માટે અકબરે બધા પ્રયાસો કર્યા હતા. મહારાણાના ૨૫,૦૦૦ રાજપુતોને ૧૨ વરસ સુધી ચાલે તેટલું અનુદાન આપીને ભામાશા અમર થઈ ગયા છે" આ શબ્દો છે ગૌરવના કે જે પોતાની પત્નિ કાજલને મહારાણા પ્રતાપ વિશે વાત કરી રહ્યો છે. તમે શા માટે પ્રેમની વાતો કરવાને બદલે મહારાણા પ્રતાપની શૌર્ય ગાથા સંભળાવી રહ્યા છે તેવો કાજલે પ્રશ્ન કર્યો તેના પ્રતિઉત્તરમાં ગૌરવે જણાવ્યુ કે, આપણું આવનાનું બાળક તેજશ્વી, ઓજશ્વી, પરાક્રમી, દેશભક્ત બને તે માટે હું તને મહારાણા પ્રતાપની યશગાથા સંભળાવી રહ્યો છું. મહારાણાની શૌર્યગાથા ગર્ભમાં રહેલ આપણું બાળક પણ સાંભળશે અને તે પણ જન્મજાત દેશભક્ત બનશે. જો આવુ જ હોય તો મને મહારાણા પ્રતાપના જીવન વિશે વિસ્તારથી સંભળાવો તેમ કાજલે કહ્યુ.

ગૌરવે કહ્યુ કે મહારાણા પ્રતાપ વિશે હું જે જાણું છુ તે પ્રમાણે, " મહારાણા પ્રતાપ ભાલા, કવચ અને બે તલવારો સાથે તેઓ ૨૦૮ કિલો વજન ઉપાડતા હતા. તેમના હથિયારો આજે પણ મેવાડના રાજવી પરિવારના મ્યૂઝિયમમાં જોવા મળી શકે છે. મહારાણા પ્રતાપે માયરાની ગુફામાં ઘાસની રોટી ખાઈ દિવસો પસાર કર્યા હતા, જેને પણ લોકો ખોટી માને છે. આ ગુફા હજી પણ અસ્તિત્વમાં છે અને હલ્દીઘાટીના સમયે અહીં જ પ્રતાપે હથિયારો છુપાવ્યા હતા. " આ બધુ તો બરોબર છે પરંતુ મહારાણા પ્રતાપનો પોતાની પ્રજા પ્રત્યેનો પ્રેમ કેવો હતો અને અકબર સામે પરાક્રમ કેવુ હતુ તેવો કાજલે પ્રશ્ન કર્યો. ગૌરવે કાજલને કહ્યુ કે, "મહારાણા પ્રતાપના પિતા ઉદયસિંહને પોતાના નાના દિકરા જગમાલ સાથે લગાવ હતો. આ જ કારણે મૃત્યુ સમયે ઉદયસિંહે તેને રાજગાદી સોંપી દિધી હતી. ઉદયસિંહનું આ કાર્ય નીતિ વિરુદ્ધ હતુ. કારણ કે રાજગાદીના હકદાર મહારાણા પ્રતાપ હતા. તે જગમાલથી મોટા હતા. આ ઝેર વધતું ગયુ અને પ્રજા પ્રતાપને વધારે સમ્માન આપતી હતી. એવું એટલા માટે હતુ કારણ કે મહારાણા પ્રતાપસિંહનું મનમોહક વ્યક્તિત્વ, પોતાને પ્યારી પ્રજાના સેવક માનતા, દેશ અને ધર્મના નામે પોતાના સર્વસ્વનો ત્યાગ જેવા અનેક સદગુણો તેનામાં હતા. જગમાલને ગાદી મળતા તમામ લોકો નિરાશ થયા, પરંતુ પ્રતાપના ચહેરા પર એક નાની કરચલી પણ ન ઉપસી હતી. આ ઉપરાંત મહારાણા પ્રતાપનો હલદીઘાટી યુદ્ધ બાદનો સમય પહાડો અને જંગલો વચ્ચે વ્યતીત થયો



હતો. પોતાની પર્વતીય યુદ્ધનીતિ દ્વારા તેણે અકબરને અનેક વખત મ્હાત આપી હતી. જંગલો અને પહાડોમાં રહેતા મહારાણા પ્રતાપને અનેક પ્રકારના કષ્ટોનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેણે પોતાના આદર્શોને ન છોડ્યા.



મહારાણા પ્રતાપના મજબૂત ઈરાદાઓએ અકબરના સેનાનાયકોના તમામ પ્રયાસોને નાકામ બનાવી દિધા હતા. તેના ધૈર્ય અને સાહસની જ એ અસર હતી કે ૩૦ વર્ષના સતત પ્રયાસો બાદ પણ મહારાણા પ્રતાપને અકબર બંદી ન બનાવી શક્યો હતો." ફરી કાજલે પ્રશ્ન કર્યો કે મહારાણા પ્રતાપનું બાળપણ કેવુ હતુ અને તે કેવા પરાક્રમી હતા. ગૌરવે કહ્યુ કે, "નાનપણથી જ મહારાણા પ્રતાપમાં વીર, ધીર, ગંભીર, શાંત અને સ્વદેશપ્રેમ જેવા ગુણો ઠાંસી ઠાંસીને ભરેલા હતાં. 'ગઢ તો ચિત્તોડગઢ, બાકી સબ ગઢૈયા' આ કહેવત જે વિશાળ અને ભવ્ય કિલ્લા પરથી અસ્તિત્વમાં આવી એ ચિત્તોડનો કિલ્લો આખાય ભારતમાં પ્રખ્યાત છે. આ ચિત્તોડ પ્રતાપને મન ખૂબ પવિત્ર સ્થાન હતું. તેના ઉપર મુસલમાનો ની સત્તા હતી તે તેમનાથી સહન ન હોતું થતું. વીર પ્રતાપી મહારાણા પ્રતાપ ઘોડા ઉપર સવાર થઈ હાથમાં ભાલો લઈ યુદ્ધના મેદાનમાં ઉતરતા હતા. તેમનો એક હાથમાં પકડેલો ભાલો લગભગ ૪૦ કિલોના વજનનો હતો. તક મળતાં જ એ મહાશક્તિશાળી રાજા દુશ્મનના પેટમાં ભાલો ઘુસાડીને તેને એક હાથે જ ઉપાડી લેતા હતા. શિતલ નામના રાણા પ્રતાપના એક પ્રશંસકે એક વાર અકબરના દરબારમાં જઈને એની પ્રશસ્તિઓ ગાઈ હતા. એ પોતે રાણા પ્રતાપ સિવાય કોઈ સમક્ષ પોતાની પાઘડી નથી નમાવતો એમ પણ જણાવ્યું હતુ. બસ પછી તો શામ, દામ, દંડ તેમજ પોતાની વિશાળ સેના એ બધાના સહયોગથી રાજા અકબરે પ્રતાપને હરાવવાના રસ્તા વિચારવા માંડયા. અકબરને પોતાની બહેન પરણાવી હોવાથી રાજા માનસિંહ એમના દરબારમાં મોખરાનું સ્થાન ધરાવતા હતા. પોતાની વિજયકૂચ દરમ્યાન રાજા માનસિંહે પ્રતાપને અકબરની શરણાગતિ સ્વીકારવાનુ કહ્યું. પણ મહારાણા પ્રતાપે એ માનવાની ધરાર ના પાડી દીધી. ગુસ્સે ભરાયેલા માનસિંહે મીઠા મરચા સાથે આ આખીયે ઘટના રાજા અકબર સમક્ષ મૂકી. પરિણામે ગુસ્સાથી રાતાચોળ થયેલા અકબરે પ્રતાપને હલ્દીઘાટના મેદાનમાં યુધ્ધ આપવાનું ઠરાવ્યું હતુ. જ્યાં પીળા ખડકોના નામ પરથી ઘાટીનું નામ 'હલ્દીઘાટી' પડ્યું હતુ" મહારાણા પ્રતાપના જીવનના છેલ્લા વર્ષો કેવા રહ્યા હતા તેમ કાજલે પુછ્યુ ત્યારે ગૌરવે જણાવ્યુ કે, "ઈસ. ૧૫૭૯ થી ૧૫૮૫ સુધી પૂર્વ ઉત્તર પ્રદેશ, બંગાળ, બિહાર તથા ગુજરાતના મોગલ આધીન પ્રદેશો માં વિદ્રોહ થવા લાગ્યો હતો, પરિણામે અકબર આમાં જ ગુંચવાયેલો રહ્યો અને મેવાડ પર થી મોગલો નો દબાવ ઘટી ગયો અને આ તક નો લાભ ઉઠાવી મહારાણાએ ૧૫૮૫ માં મેવાડ મુક્તિ પ્રયત્નો શરૂ કરી દીધા હતા. મહારાણા ની સેનાએ મોગલ ચોકીઓ પર આક્રમણ શરૂ કરી દીધા અને તરત જ ઉદયપુર સહિત ૩૬ મહત્વપૂર્ણ સ્થાનો પર મહારાણા નું આધિપત્ય સ્થાપિત થઈ ગયું હતુ. મહારાણા પ્રતાપ જે સમયે સિંહાસન પર બેઠા, તે સમયે જેટલા મેવાડ પર તેમનો અધિકાર હતો, લગભગ એટલા જ જમીન ભાગ પર તેમની સત્તા સ્થાપિત થઈ ગઈ હતી. બાર વર્ષ ના સંઘર્ષ પછી પણ અકબર તેમાં કોઇ પરિવર્તન કરી શક્યો નહીં અને આમ મહારાણા લાંબાગાળા ના સંઘર્ષ પછી મેવાડને મુક્ત કરવામાં સફળ રહ્યા અને આ સમય મેવાડ માટે એક સુવર્ણ યુગ સાબિત થયો હતો. મેવાડ પર લાગેલા આ ગ્રહણનો અંત ઈસ. ૧૫૮૫ માં થયો હતો. ત્યારબાદ મહારાણા પ્રતાપ પોતાના રાજ્ય ની સુખ-સાધના માં જોડાઈ ગયા, પણ દુર્ભાગ્યે લગભગ અગિયાર વર્ષ પછી જ ૧૯ જાન્યુઆરી ૧૫૯૭ ના રોજ તેમની નવી રાજધાની ચાવંડ માં તેમનું અવસાન થયું હતુ."

આજ સુધી તો તમે ફક્ત પ્રેમની વાતો જ કરી હતી પરંતુ મને તો તમારી પ્રેમની વાતો કરતા મહારાણા પ્રતાપ જેવા શુરવીરની શૌર્યગાથા સાંભળવી વધારે ગમી તેમ કાજલે કહ્યુ ત્યારે ગૌરવે પ્રતિઉત્તરમાં જણાવ્યુ કે લગ્ન પહેલા આપણે પ્રેમની વાતો ખુબ કરી છે હવે આપણે બન્ને સાથે મળીને સમાજને નવી રાહ ચીંધશુ અને ગામે ગામ જઈને લોકોને ભારતના વીર પુરૂષોની શૌર્યગાથા સંભળાવશુ. આપણી પ્રેમની વસંત તો ખીલી ગઈ છે પરંતુ આપણું સંતાન મહારાણા પ્રતાપની ગાથા સાંભળીને માતૃભુમીને અપાર પ્રેમ કરશે તેમ કાજલે કહ્યુ.

દીર્ઘદૃષ્ટિથી આગોતરૂ આયોજન કરાતા

ઉનાળામાં પાણીની અછત સર્જાવાની ભીંતી વચ્ચે અંકલેશ્વર નગર સુરક્ષિત

ઠેર-ઠેર પાણી કાપ લાગુ કરાયો જ્યારે અંકલેશ્વરમાં નિયમિત પાણી અપાય છે

અંકલેશ્વર

આમ ભલે આખા ભરૂચ જિલ્લામાં ઉનાળો પાણીની અછતમાં જશે એવો ભય તોળાતો હોય છે. પરંતુ અંકલેશ્વર નગરમાં પાણીની તંગી સર્જાય એવો કોઈ ખતરો નથી.

અંકલેશ્વર નગરપાલિકાના ભૂતકાળના પ્રમુખ સ્વ. હીરાલાલ મોદીએ સૌપ્રથમ પાણીની અછતને ધ્યાનમાં રાખીને બોર શરૂ કર્યા હતા. ગડખોલ પાટિયાથી લઈ અંકલેશ્વર નગરમાં તેમણે અનેક બોર કરાવ્યા. તેમની દીર્ઘદૃષ્ટિના લીધે આજે પણ અંકલેશ્વરમાં એક પણ દિવસ પાણીકાપ નગરજનોએ જોયો નથી. હા, વીજ કંપનીના મેન્ટેનન્સ માટે આખો દિવસ વીજ પુરવઠો બંધ રખાય તો નગરજનોએ સંગ્રહિત પાણીથી ચલાવી લેવું પડે છે. એ સિવાય ઉકાઈ જમણા કાંઠાની કેનાલ કે જેમાંથી પાણી નિયમિત રીતે મળે છે. એના મેન્ટેનન્સ માટે ૬૦ દિવસો સુધી પાણી ન અપાતુ હોવા છતાં અંકલેશ્વર નગરના ભૂતકાળથી લઈ વર્તમાન શાસકો તરફથી એક પણ દિવસ એવો જતો નથી કે પાણી ન અપાયું હોય. આજે પણ ગામ તળાવ ઉપરાંત કાગદીવાડ તળાવ તથા ૪૨ જેટલા બોરથી નગરજનોને નિયમિત પાણી મળે છે જે એક સિદ્ધિ છે. ભરૂચ કે અન્ય શહેરોમાં નાગરિકોએ એકાંતરા દિવસે પાણી મળે તો ચલાવી લેવું પડે છે. પરંતુ અંકલેશ્વરના નાગરિકોને આવી તકલીફ નથી. આગામી ઉનાળામાં જ્યારે પાણીની અછત સર્જાશે એવી ભીંતી જિલ્લાભરમાં સેવાઈ રહી છે. ત્યારે અંકલેશ્વરના નગરજનો આ ચિંતાથી મુક્ત છે એના માટે ભૂતકાળના શાસકોની દીર્ઘદૃષ્ટિ જવાબદાર છે એમાં સંશય નથી!!

સાંધીયેર ગામે ખેતરમાં પાણી પીધા બાદ ૫૧ ઘેટા-બકરાઓના ટપોટપ મોત

સુરત

ઓલપાડ તાલુકાના સાંધીયેર ગામ પાસે શેરડીના ખેતરમાં પાણી પીધા બાદ ૫૧ જેટલા બકરી, બકરા, લવારા, ઘેટાઓના મૃત્યુ થતા ચકચાર મચી ગઈ હતી. આ ખેતરમાં ઝેરીલુ પાણી ક્યાંથી આવ્યું ? એ તપાસનો વિષય છે.

આ બનાવ અંગે ઓલપાડ પોલીસે જાણવા જોગ નોંધ કરી હતી. બનાવ અંગે લારૂબેન ગોમાનભાઈ રાઠોડે ઓલપાડ પોલીસને જાણ કરી હતી. તા.૧૪-૧-૨૦૧૯ના રોજ સાંધીયેર ગામ મોરથાળ નાળ તરફ ઘેટા બકરા ચરતા હતા. ત્યારે શેરડીના ખેતરમાં આ પશુઓએ પાણી પીતા ગણતરીના સમયમાં જ ૫૧ પશુઓ તડફડીને મૃત્યુ પામ્યા હતા. જે પશુઓની કિંમત અંદાજે દોઢ લાખ રૂપિયા હતી. ઓલપાડ પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રતિબંધિત સમયે સવાર અને સાંજે પણ પતંગો ઉડતા દેખાયા

સુરત

સુરત પોલીસ અને જિલ્લા વહીવટી તંત્રાએ ઉત્તરાયણના તહેવાર નિમિત્તે હાલમાં જ સવાર અને સાંજ ચાર કલાક પતંગ ચગાવવા પર પ્રતિબંધ મુક્યાનો જાહેરનામું બહાર પાડ્યું હતું. ઉતરાણ પર્વમાં તા.૧૯મી સુધી સવારે ૬ થી ૮ અને સાંજે ૫ થી ૯ મળી કુલ ચાર કલાક પતંગ ઉડાવવા પર પ્રતિબંધ મુકાયો છે. પ્રતિબંધના સમયમાં સવારે પક્ષીએ માળામાં પરત ફરે છે. આ સમયે પતંગ ચગાવવાથી પક્ષીઓના મોત અને ઈજાના બનાવોમાં વધારો થઈ શકે છે તેમ જણાવી પતંગ ચગાવવા પર પ્રતિબંધ મુક્યો છે, જોકે તા.૧૪મી જાન્યુઆરીના ઉત્તરાયણના પર્વના દિવસે જ પંતગનો સાથ મળતાં સુરતીઓએ મન મુકીને ઉત્તરાયણની ઉજવણી કરી હતી. પોલીસ કમિશ્નર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં સવારે ૬ થી આઠ અને સાંજે ૫ થી ૭ના પ્રતિબંધીત સમય દરમિયાન સુરતના મોટા ભાગના વિસ્તારોમાં પતંગ ઉડતા નજરે પડ્યા હતા.

અંકલેશ્વર કોંગ્રેસના મહામંત્રી કૌશિક રાણાનું હાર્ટએટેકથી મોત

૪૩ વર્ષીય રાજકીય આગેવાન અકાળે અવસાનથી વ્યાપેલો શોક

અંકલેશ્વર

અંકલેશ્વર શહેર કોંગ્રેસ મહામંત્રી કૌશિક રાણાનું માત્ર ૪૩ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી નિધન થતા શોકની લાગણી ફેલાઈ જવા પામી છે. ૪૩ વર્ષીય કૌશિક રાણા છેલ્લા ઘણાં વર્ષોથી રાજકીય ક્ષેત્રે સક્રિય હતા. તેઓ એકવાર નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પણ કરી ચૂક્યા હતા. અંકલેશ્વર શહેર કોંગ્રેસ સમિતિએ તેમને શહેર મહામંત્રી તરીકેની જવાબદારી સોંપી હતી. ઉત્તરાયણને દિવસે સવારે મંદિરે દર્શન કર્યા બાદ ઘરે આવીને તેઓને અચાનક જ હૃદયરોગનો તીવ્ર હુમલો આવતા તેઓનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. તેમના નિધનના સમાચારથી સૌએ આઘાતની લાગણી અનુભવી હતી. સ્વ. કૌશિક રાણાની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં તમામ પક્ષના રાજકીય આગેવાનો તેમજ નગરજનો જોડાયા હતા. ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા નાઝુ ફડવાલાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે એક સન્નિષ્ઠ અને નિષ્ઠાવાન કાર્યકર ગુમાવ્યો છે. સ્વ. કૌશિકની ખોટ સદા સાલતી રહેશે.

અંકલેશ્વર જીઆઈડીસી પાસે મહિલાનો સોનાનો અછોડો તૂટ્યો

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં રવિવારના રોજ એક સ્કૂટી ચાલક યુવાન મહિલાના ગળામાંથી બપોરના સમયે ચેન તોડી ફરાર થઈ ગયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર અંકલેશ્વર ગાર્ડન સીટીના મકાન નં.બી ૨/૬માં રહેતાં મિનાક્ષીબેન વિપિનકુમાર અગ્રવાલ રવિવારે બપોરના સુમારે તેમના પતિ સાથે જીજે-૧૬-બીબી-૧૮૯૮ નંબરની કારમાં જીઆઈડીસીમાં આવેલ ધીરજ સન્સ મોલમાં ખરીદી માટે ગયા હતા. કાર પાર્ક કરીને તેઓ ચાલતા મોલ તરફ જઈ રહ્યા હતા. મિનાક્ષીબેન પતિથી થોડા પાછળ હતા. ત્યારે એક બ્લ્યુ રંગની સ્કૂટી પર અંદાજે ૨૫ થી ૩૦ વર્ષની વયના કાળો શર્ટ પહેરેલો યુવાન અચાનક તેમની પાસે આવી ગયો હતો અને ગળામાંથી ચેન તોડવાની કોશિશ કરતાં મિનાક્ષીબેને ચેન પકડી રાખી હતી. જોકે સ્કૂટી ચાલક ચેન તોડી ફરાર થઈ ગયો હતો. મિનાક્ષીબેને આશરે ૩૦ ગ્રામની સોનાની ચેન કિંમત રૂા.૪૦ હજારની ચીલઝડપ અંગે જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં પતંગના ધારદાર દોરાથી બે લોકો ઘાયલ થયા

એકનું ગળુ કપાયું અને એકને નાકના ભાગે ઈજા

અંકલેશ્વર

અંકલેશ્વરમાં ઉત્તરાયણના દિવસે પતંગના દોરાથી બે ઈસમોને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડાયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર અંકલેશ્વર સેન્ટર પોઈન્ટ વિસ્તારમાં રહેતાં હસમુખભાઈ વાળા સરદાર પાર્ક પોતાના ભાઈના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે પતંગનો દોરો ગળાના ભાગે આવી જતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને જયાબેન મોદી હોસ્પિટલ ખાતે લવાયા હતા. જ્યાં તેમને ૨૮ ટાંકા આવ્યા હતા. અન્ય બનાવમાં કાપોદરાની સર્વોદય પાર્કમાં રહેતાં જયપ્રકાશ યાદવ ફિલ્ટર પાણી ઘર માટે લેવા નીકળ્યા હતા. ત્યારે નાકના ભાગે પતંગના દોરાથી ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને પણ સારવાર અર્થે જયાબેન મોદી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં પતંગ પર્વની રંગેચંગે ઉજવણી

સવારથી જ તેજ પવન ફૂંકાતા આકાશ રંગાબેરંગી પતંગોથી છવાઈ ગયું : લોકોએ અગાસી પર ઉંધીયાની જયાફત માણવા સાથે હર્ષોલ્લાસભર ઉત્તરાયણ પર્વ ઉજવ્યું

સુરત

સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં ઉત્તરાયણ પર્વની ભારે રંગેચંગે ઉજવણી થાય છે. પતંગ અને માંજાની મદદથી મનાવાતા આ પર્વમાં હવે ઊંધિયાની જાફત સાથે સાથે દારૂનું પણ ચલણ વધતું જઈ રહ્યાંનું જાણવા મળે છે. જેને કારણે ઘણા પરિવારો સંયૂક્ત રીતે અથવા મિત્રો સાથે કે સોસાયટીના રહીશો સાથે ભેગા મળી ટેરેસ પાર્ટી આયોજન કરતા હોય છે. જેના કારણે સાંજે સાત વાગ્યા બાદ પણ દક્ષિણ ગુજરાતના વિસ્તારોની અગાસીઓમાં લોકો મોડે સુધી મજા માણતા જોવાઈ રહ્યાં છે. જેના કારણે કેટરિંગના ઓર્ડરમાં પાછલા કેટલાક સમયથી અંદાજીત ૩૦ ટકા જેટલો વધારો થવા પામ્યો છે. બીજી તરફ ઉત્તરાયણના બે દિવસમાં અંદાજે ૪૦ હજાર કિલો ઊંધિયાનું વેચાણ શહેરભરમાંથી થતું હોવાનું જાણવા મળે છે.

આ સિવાય હવે લોકો વ્યક્તિગત ધોરણે ઓર્ડર આપીને ઊંધિયું બનાવડાવતા હોવાથી ચોક્કસ અંદાજ મેળવવો મુશ્કેલ છે. આ સિવાય અન્ય ફરસાણની ડિમાન્ડ પણ જોરમાં રહેશે. ઉત્તરાયણના દિવસે જ આ વખતે કર્પી (પિતૃઓની ક્રિયા)ને કારણે મોઢ વણિક, ઘાંચી, રાણા સમાજના લોકો શાકાહારી ખાવાનું પસંદ કર્યું હતું. પાછલા વર્ષની સરખામણીમાં આ કારણે ઉત્તરાયણમાં ઊંધિયાના વેચાણમાં દોઢ ગણો વધારો થયો છે. ઉત્તરાયણના બે દિવસમાં અંદાજે ૪૦ હજાર કિલો ઊંધિયાનું વેચાણ થવાની ગણતરી જાણકારોમાં છે. મોટા ભાગના સુરતીઓ ઘરે ઊંધિયું બનાવી ખાય છે. સમય સાથે કેટલાક સુરતીઓ હવે બહારથી લાવેલું ઊંધિયું ખાવાનું વધારે પસંદ કરે છે. આ વખતે કર્પી અને સંક્રાંત સાથે આવતાં હોવાથી મૂળ સુરતી સમાજ આ વખતે નોનવેજથી દૂર રહીને ઊંધિયા પર તૂટી પડશે. ફરસાણ વિક્રેતા નીતિન ભજિયાવાલાએ કહ્યુ કે, આજે શહેરના ઊંધિયું બનાવનારાઓની સંખ્યા વધી ગઈ છે. જેને કારણે ઊંધિયાના વેચાણનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. જોકે, ઊંધિયાના વેચાણમાં દર વર્ષે વધારો થઈ રહ્યો છે. પરંતુ આ વખતે પણ સુરતીઓ કરતા સુરતની બહારના રહેવાસીઓ વધુ ઊંધિયું ખરીદશે. ઘાંચી, રાણા અને ખત્રી જેવા અસલ સુરતીઓ મોટા ભાગે પોતાના ઘરે જ ઊંધિયું બનાવે છે. ઉત્તરાયણનો આનંદ મજા સગા-સંબંધીઓ અને સોસાયટીના સભ્યો સાથે માણવા શહેરમાં ટેરેસ અને સોસાયટી પાર્ટીઓની સંખ્યા વધી છે. પાછલી ઉતરાણમાં ૪૫૦૦થી વધુ કેટરિંગના ઓર્ડર સામે આ ઉતરાણમાં જીએસટીનો અમલ છતાં કેટરિંગનો વેપાર ૩૦ ટકા વધ્યો છે. તહેવારોની ઉજવણીમાં પરંપરા સાથે મોડર્નાઈઝેશન ઉમેરાતાં સોસાયટી પાર્ટીઝમાં વધારો થયો છે.

વધુમાં જાણવા મળ્યા મુજબ ભાઈબીજ, ઉતરાણ, ધૂળેટીમાં રેસ્ટોરન્ટમાં પણ સારી ભીડ રહેતી હોય છે. સોસાયટીની પાર્ટીઓના સારા એવા ઓર્ડર મળે છે. જીએસટીના અમલ છતાંય ટેરેસ અને સોસાયટી પાર્ટીઓનો જલસો ઘટ્યો નથી.એક કેટરીંગ સંચાલકના જણાવ્યા મજુબ ગત વર્ષે અંદાજે ૪૦૦૦ પાર્ટીઓના ઓર્ડર મળ્યા હતા. સામાન્ય રીતે ડિશ દીઠ ૧૨૦ થી ૨૫૦ રૂ. સુધીનો ભાવ હોય છે. ઉતરાણનું ફેવરીટ મેનું પાઊંભાજી, ઉધિયું-પુરીનું રહેતું હોય છે.

અંકલેશ્વરમાં દિવસભર પતંગબાજી અને રાત્રે આતશબાજીનો ઉત્સવ

મંદિરોમાં અન્નદાન અને ગાયને ઘૂઘરી અને ખડ ખવડાવી શ્રદ્ધાળુઓએ પુણ્યનું ભાથું બાંધ્યું

અંકલેશ્વર

ઉલ્લાસ અને ઉમંગોના પર્વ મકારસંક્રાતિ પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી અંકલેશ્વર પંથકમાં થઈ હતી. જો કે, ગત વર્ષની સરખામણીએ આ ઉજવણી ઘણી ફિક્કી રહી હતી. લોકોએ પતંગબાજીમાં ઓછો જ્યારે કે ડીજે-ડાન્સ, ડ્રીન્કસ, ડિનર અને આતશબાજીમાં વધુ આનંદ લૂંટ્યો હતો.

અંકલેશ્વર માં મકરસંક્રાતિ પર્વ ની સવાર થીજ વિવિધ મંદિરો માં દર્શનાર્થે શ્રદ્ધાળુ ઓની લાંબી લાંબી કતારો લાગી હતી. અંકલેશ્વરમાં પંચાટીબજાર સ્થિત રાધાવલ્લભ મંદિર, રામકુંડ મંદિર, ક્ષિપ્રા ગણેશ મંદિર, મારકન્ડેશ્વર મંદિર, સાંઈ મંદિર સહિત અનેક મંદિરોમાં લોકોએ શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા હતા, તેમજ સંક્રાંત પર્વ માટે આર્શીવાદ માંગ્યા હતા.

મકારસંક્રાતિ પર્વ દાનનું પર્વ મનાય છે. આ દિવસે અન્નનું દાન શ્રેષ્ઠ ગણાય છે. અનેક લોકોએ મંદિરો તેમજ સેવાભાવી સંસ્થાઓને અન્નદાન કર્યું હતું તેમજ ધન્યતાની લાગણી અનુભવી હતી. આ ઉપરાંત આ પર્વ નિમિત્તે ગાય તેમજ મૂંગા પશુઓને ખીચડો ખવડાવવાનું મહત્વ હોય છે. લોકો એ રામકુંડ સ્થિત ગૌશાળા માં ગાયો ને ખળ ખવડાવી અહોભાવ વ્યક્ત કર્યો હતો.

કામરેજમાં વાહને ઉડાવી દેતા બાઈક સવારનું મોત

સુરત

કામરેજ નજીક બાઈક ચાલકને કોઈ અજાણ્યા વાહને અડફેટે લીધો હતો. જેથી યુવકને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસ દોડી આવી હતી. અને વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસ સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ, શનિવારના રોજ રાત્રે કામરેજ તાલુકાના નવાગામની હદમાં દાદા ભગવાન મંદિરથી ઉદ્યોગનગર જતા સ?ર્વિસ રોડ પર રાત્રીના ૧૧.૦૦ કલાકે રમેશભાઈ હિરાલાલ શિવહરે(૫૦) (મુળ રહે-ઉદેમાવ જી-સતારપુર મધ્યપ્રદેશ) જઈ રહ્યા હતા. પગ તથા શરીરના ભાગે સેલેટોપ મારી વિદેશી દારૂની બોટલ લઈને જતા અજાણ્યા વાહનના ચાલકે અડફેટમાં લેતા શરીરના માંથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી ૧૦૮માં સારવાર માટે સુરત સ્મીમેર હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.જે અંગે કામરેજ પોલીસને જાણ કરતા પાતાભાઈ જમાદારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. અકસ્માતમાં મરનાર ઈસમ રમેશભાઈના પગ તથા શરીર પર વિદેશી દારૂની બોટલ નંગ ૪૨ કિંમત ૨૧૦૦ તથા મોબાઈલ અને રોકડ મળી કુલ્લે ૩૧૧૦નો મુદામાલ મળી આવ્યો હતો.પોલીસે પ્રોહીબીશન એકટ હેઠળ પણ ગુનો નોંધ્યો હતો. મરનાર રમેશભાઈની પાસેથી મળેલા મોબાઈલ ફોનના આધારે પોલીસને મરનારની ઓળખ થવા પામી હતી.

રાધાકૃષ્ણ ટેક્સટાઈલ માર્કેટ આજે માત્ર બે કલાક માટે ખૂલી

દુકાનદારોની હડતાળ આજે પણ યથાવત

સુરત

આરકેટી માર્કેટ આજે બપોરે ૧૨થી ૨ વાગ્યા સુધી દુકાનોમાં સીસીટીવી ફુટેજ, માલનો જથ્થો અને જીએસટી બિલોનીછ ચકાસણી માટે ખોલવામાં આવી હતી તે દરમિયાન માર્કેટમાંથી માલની અવર જવર સદંતર બંધ રાખવામાં આવી હતી બપોરે બે વાગ્યા બાદ આરકેટીના તમા દુકાનો બંધમાં જોડાઈ હતી. રીંગરોડ સ્થિત રાધાકૃષ્ણ ટેક્ષટાઈલ માર્કેટમાં સિક્યુરિટી ગાર્ડ દ્વારા જ ડુપ્લિકેટ ચાવીથી રવિવારની રજાના દિવસે ચોરી કરવામાં આવતી હતી. આ અંગે સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવા આપી દુકાનદારો દ્વારા આ સમગર પ્રકરણમાં કરોડો રૂપિયાનો સાડી તેમજ ડ્રેસ મટેરિયલના માની ચોરીથઈ છે. આ કૌભાંડમાં સંડોવાયેલ તમામની ધરપકડની માગ સાથે આરકેટીની ૪૦૦૦ દુકાનો બંધ રહી છે. આજે બપોરે ૧૨ થી ૨ સુધી દુકાનોમાંથી સીસીટીવી ફુટેજ, બિલો તેમજ માલનો સ્ટોક ચકાસે તે માટે છૂટ આપવામાં આવી છે. આ દરમિયાન પણ માર્કેટમાંથી કોઈપણ માલની અવર જવર થશે નહીં અને બપોરે ૨ વાગે ફરીથી માર્કેટ સંપૂર્ણ બંધ રહેશે. આરકેટીમાંથી ચોરીના પાર્સલો, ટ્રાન્સપોર્ટરો દ્વરા અન્ય રાજ્યમાં મોકલવામાં આવતા હતા. ઈ.વે . બિલ અને જીએસટી વગરનો માલ કેવી રીતે અન્ય રાજ્યમાં જતો હતો તે માટે સઘન તપાસ કરીને કરોડો રૂપિયાના કૌભાંડમાં તમામની ધરપકડની માગ સાથે આજે પણ આરકેટી માર્કેટ બંધ રહી હતી.

પ્રયાસ સંસ્થાએ બે દિવસમાં અનેક પક્ષીઓના જીવ બચાવ્યા

પતંગ દોરાથી ૧૧ પક્ષીઓના મોત નીપજ્યા

સુરત

ઉત્તરાયણ પર્વ દરમિયાન પ્રયાસ સંસ્થા દ્વારા ૩૦૦ થી વધુ પક્ષીઓના જીવ બચાવ્યો હતો. પ્રયાસ સંસ્થાના દર્શનભાઈ દેસાઈના જણાવ્યા મુજબ આ વખતે પક્ષી સંદર્ભના કોલમાં ખાસ્સો ઘટાડો નોંધાયો હતો. લોકો પણ જાગૃત થયા છે અને સાંજના સમયે આકાશમાં વિહરતા પક્ષીઓને ધ્યાનમાં રાખીને લોકોએ સાંજના સમયે પતંગ ઉડાડી નહીં ને એક આવકારદાયક કામ કર્યું છે. પ્રયાસ સંસ્થાના જણાવ્યા મુજબ રવિવાર અને સોમવાર એમ બે દિવસ દરમિયાન પતંગના દોરાથી ઘાયલ થયેલા ૧૬૮ થી વધુ પક્ષીને સારવાર આપીને જીવનદાન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને દોરીમાં ફસાયેલા ૧૦૦ જેટલા પક્ષીઓને દોરીમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. જ્યારે ૧૧ પક્ષીઓ કાતિલ દોરીનો ભોગ બની મૃત્યુ પામ્યા હતા. મોટાભાગે કબુતરો પતંગની દોરીની અડફેટે ચઢ્યા હતા. પ્રયાસ સંસ્થાના જણાવ્યા મુજબ શહેરના તમામ વિસ્તારોમાંથી કોલ મળ્યા હતા અને પ્રયાસની ટીમ આ બે દિવસ દરમિયાન સતત દોડતી રહી હતી. તેમજ પ્રયાસ નેચર ક્લબ સહિતની પક્ષી પ્રેમી સંસ્થાઓ પણ દોડતી રહી હતી.











પતંગના દોરાથી બે બાઈક સવારો ઘાયલ પતંગ ચગાવતો છોકરો ધાબા પરથી પટકાયો

ગભેણી રોડ, પુણા ગામ અને પાંડેસરામાં પતંગના કારણે અકસ્માત

સુરત,

સુરતમાં આજે ઉત્તરાયણની ભારે રંગેચંગે ઉજવણી થવા પામી હતી.જ્યારે આવતી કાલે વાસી ઉત્તરાયણની પણ સુરતીઓ મજા માનશે.ત્યારે આજે પતંગના દોરાના કારણે ત્રણ જણા ઘવાયા હતા.જેમણે સાવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના પાંડેસરની ભીડ ભંજન સોસાયટીમાં રહેતાં કમ્યુદ્દીન બોકનો અગિયાર વર્ષિય પુત્ર ધાબા ઉપર પતંગ ચગાવી રહ્યો હતો.ત્યારે તે ઘરના ધાબા પરથી જમીન પર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે.આજે સવારે શહેનમાઝ બાઈક ઉપર સવાર થઈ સચીનના ગભેણીથી ઉન પાટિયા તરફ જઈ રહ્યો હતો.ત્યારે અચાનક તેના ગળામાં પતંગનો દોરો આવી ગયો હતો.જેતી તે શરીરે ગંભરી રીતે ઘવાયો હતો.જેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.જયાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના ઉનના ગિલાની નગર પાટિયા ખાતો રહેતા શહેનામાઝખાના ઈઝહારખાન ઉ.વ.૨૩ ના પિતા ભંગારની દુકાન પતંગ ચગાવતી વખતે પડયો હતો.જેને સારવાર માટે ગંભીર હાલતમાં નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.જયાં તેની હાલત સુધારા પર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પુણાગામની રવી પાર્ક સોસાયટીમાં રહેતાં જયેશ આહીર ઉ.વ.૨૨ પોતાના મિત્ર સાથે બાઈક ઉપર પુણાગામના ડી.બી.વર્લ્ડ પાસેથી પસાર થતાં હતા.ત્યારે પતંગનો દોરો જયેશના ગળામાં આવી જતાં તેનું ગળું કપાય ગયું હતું.જેને ગંભીર હાલતમાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.જયાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે.

એચડીએફસીની રક્તદાન ઝુંબેશમાં ૧૦ લાખ યુનિટ રક્ત એકત્ર કરાયું

સુરત

એચડીએફસી બેંક લિમિટેડે આજે જાહેરાત કરી છે કે તેમણે ૧૨મી નેશનલ રક્તદાન ઝૂંબેશ પૂર્ણ કરી છે અને ૧૨ વર્ષના ગાળા દરમ્યાન સફળતાપૂર્વક ૧૦ લાખ યુનિટથી વધુ રક્ત એકત્ર કર્યુંછે.

આ વર્ષની ઝૂંબેશમાં ભારતનાં ૧૦૦થી વધુ વિવિધ શહેરોમાં યોજાયેલી અંદાજે ૪,૦૦૦ રક્તદાન શિબિરોમાં ૧૮ થી ૬૫ વર્ષના વય જૂથના લોકોએ ભાગ લીધો હતો અને તેના પરિણામે ૩ લાખ યુનિટથી વધુ રક્ત એકત્ર થઈ શક્યું હતું. આ રક્તદાન ઝૂંબેશ એ એચડીએફસી બેંકના તમામ વિકાસલક્ષી કાર્યક્રમો જેનાના નેજા હેઠળ યોજાય છે. તે #પરિવર્તનપહેલ હેઠળ હાથ ધરાતી કોર્પોરેટ સામાજીક જવાબદારી પ્રવૃત્તિનો એક હિસ્સો છે. એચડીએફસી બેંકે તેની વાર્ષિક રક્તદાન ઝૂંબેશનો પ્રારંભ વર્ષ ૨૦૦૭માં ટ્રાન્સફ્યુઝન માટે ઉપલબ્ધ સલામત રક્તની અછત નિવારવા માટે કર્યો હતો.

સુરત રોજગાર કચેરી દ્વારા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ વિશે સેમિનાર યોજાયો

કેરીયર કોર્નરની શાળાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

સુરત

મદદનીશ નિયામક (રોજગાર) કચેરી સુરત તથા મોડલ કેરીયર સેન્ટર સુરતના નાયબ નિયામક રોજગાર કચેરીના મુકેશભાઈ વસાવા અને જિલ્લા રોજગાર અધિકારી પારૂલબેન પટેલના માર્ગદર્શન હેઠળ કેરીયર કોર્નરની શાળાઓ સિગમા હાઈસ્કૂલ, સગરામપુરા, શેઠ પી.એચ. બચકાનીવાલા, હાઈસ્કૂલ-ખરવરનગર, મહિલા આઈટીઆઈ સુરત અને માં કમલ નર્સિંગ કોલેજ સુરત ખાતે વિદેશમાં ઉચ્ચ અભ્યાની તકો, કારકિર્દી માર્ગદર્શન, સ્પર્ધા પરીક્ષા માર્ગદર્શન, ભારત સરકારના એન.સી.એસ. પોર્ટલ વિષય પર જિલ્લા રોજગાર કચેરી વડોદરાના ઓવરસીસ કાઉન્સલર ઉમાશંકર ત્રિપાઠી, જિલ્લા રોજગાર કચેરી યંગ પ્રોફેશન પ્રમોદભાઈ મિશ્રા, જિલ્લા કારકિર્દી કાઉન્સલર બિપીનભાઈ માંગુકિયા અને મોબીલાઈઝેશન કામ પ્લેસમેન્ટ ઓફિસર પ્રદીભાઈ શિરસાઠ દ્વારા સદર કાર્યક્રમોમાં ૮૪૦ થી વધારે વિદ્યાર્થીઓને ઉપરોક્ત વિષયો પર માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ કાર્યક્રમોમાં શાળાના આચાર્યા સાહિદભાઈ શેખ, અનિલભાઈ ગોહિલ, આર.ડી. જાડેજા, ડૉ. રીટાબેન ફુલવાલા સાથે કેરીયર કોર્નર શિક્ષક સલીમભાઈ પટેલ, રૂપસિંગભાઈ ચૌધરી વગેરે શિક્ષકોએ ભાગ લઈ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

અશ્વિનીકુમાર ઉત્કલનગરમાં દારૂ પકડવા ગયેલી સ્ટેટ પોલીસ પર હુમલો

મોનીટરીંગ સેલ પોલીસે રૂા. ૩.૬૦ લાખનો દારૂ પકડાયો

સુરત

વરાછા ઉત્કલનગર ઝૂંપડપટ્ટીમાં ખુલ્લેઆમ ધમધમતા દારૂના અડ્ડા ઉપર સ્ટેટ મોનીટરિંગ સેલે દરોડા પાડતા બુટલેગરોએ પોલીસ ઉપર હુમલો કર્યો હતો. આ હુમલામાં બે પોલીસ કર્મીને ઈજા થઈ હતી. જ્યારે બે કારની તોડફોડ કરવામાં આવી હતી. સ્ટેટ મોનીટરિંગ સેલે રૂા. ૩.૬૦ લાખની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો હતો. પોલીસે આઠથી વધુ વ્યકિતઓ વિરુદ્ધ ફરિયાદ દર્જ કરી હતી.

સમગ્ર રાજયમાં પર્વ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ફરજ પર મુકવામાં આવેલી સ્ટેટ વિજીલન્સની ટીમ દ્વારા ઉત્તરાયણના દિવસે સુરતના વરાછા વિસ્તારમાં દારૂ અંગે મળેલી બાતમીના આધારે રેડ કરતા બુટલેગર દ્વારા ટીમ પર હુમલો કરવામા આવ્યો હોવાની ઘટના સામે આવી છે.

આ ઘટના અંગે મળતી માહીતી અનુસાર,વરાછામાં દારૂની રેલમછેલ થઈ રહી હોવાની માહીતી મળતા પોલીસને સાથે રાખીને સ્ટેટ વિજિલન્સની ટીમ કાર્યવાહી કરવા પહોંચી હતી.જયાં બુટલેગર દ્વારા કરવામા આવેલા હુમલામાં બે પોલીસ જવાનોને ઈજા થવા પામી હતી.ઉપરાંત બે ખાનગી કારને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું હતુ. સ્ટેટ મોનીટરિંગ સેલે બાતમીની આધારે વરાછા ઉત્કલનગર રેલવે પાટા પાસે સાબુની ફેક્ટરી નજીક દારૂના અડ્ડા ઉપર દરોડા પાડતા આરોપી નિરંજન ઉર્ફે નીરૂ પ્રધાન, હિતેશ ઉર્ફે હિતેન્દ્ર મહેન્દ્ર પટેલ, દીપક ઉર્ફે કાલિયો, અશોક, શંકર ડાકુઆ, નારાયણ ઉર્ફે સેન્ડો, હનુમાન, એક અજાણ્યા વ્યકિત સહિતના ભાગી છૂટ્યા હતા. પોલીસે આ દારૂના અડ્ડા ઉપરથી રૂપિયા ૩,૬૦,૭૫૦ની કિંમતની ૩૧૨૩ દારૂની બોટલો રોકડા રૂા. ૨૧,૬૭૦ તથા એક મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. આરોપીઓ વિરુદ્ધ સ્ટેટ મોનીટરીંગ સેલના હે.કો. ગુલાબભાઈ ગોપાલભાઈએ વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ડાંગની આર્ટસ અને કોમર્સ કોલેજમાં ચૂંટણીઓ સંપન્ન

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલી સરકારી વિનિયન અને વાણિજ્ય કૉલેજના વિદ્યાર્થી સંઘની ચૂંટણી તાજેતરમાં સંપન્ન થઈ. કૉલેજના ૯ ડીવીઝનો પૈકી ૭ ડીવીઝનોમાં વર્ગ પ્રતિનિધિઓની બિનહરીફ વરણી સાથે, બે ડીવીઝનમાં શાંતપૂર્ણ માહોલમાં સંપન્ન થયેલી ચૂંટણી બાદ, કૉલેજ પ્રિન્સિપાલશ્રી ડૉ.હેતલ રાઉતની અધ્યક્ષતામાં કૉલેજના જનરલ સેક્રેટરી તરીકે સર્વાનુમતે બિપિન પવાર, અને એલ.આર. તરીકે લલિતા ગાયકવાડની વરણી કરવામાં આવી હતી. આ વેળા કૉલેજના વાઈસ પ્રિન્સિપાલશ્રી ડૉ.એન.એમ.મહાકાળ સહિત ચૂંટણી સમિતિના સભ્યો પ્રા.ડી.એમ.ગાવિત, તથા પ્રા.જી.સી.નરભવર પણ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થી સંઘની વરણી બાદ ચૂંટાયેલા પ્રતિનિધિઓને જરૂરી શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. અધિકારીઓએ શાંતિપૂર્ણ માહોલમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સંપન્ન કરવા બદલ વિદ્યાર્થીઓ તથા તેમના નેતાઓને શુભકામના પાઠવી, તેમની નવી જવાબદારી સૂપેરે પાર પાડવા બાબતે પણ શુભેચ્છા પાઠવી હતી.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

भठ्ठीवाला
लिनीमेन्ट अने पेनबाम
सांधा, कमर, गरदन, नशनां
दुखावा माटे असरकारक
022-24147642
022-24147643
उत्पादक:
रेमेडीझ फार्मास्युटिकल्स
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

TEXMO Aqua Group TEXMO AQUATEX
कोईम्बतુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્ક: જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

MERINO ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

વાંસદાની શાળાના ઈનોવેટીવ શિક્ષકની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

શાળાના આચાર્ય નીતિન પાઠકની મહેનત રંગ લાવી

નવસારી

નવસારી જિલ્લાની રંગપુર પ્રાથમિક શાળાને ટેકનોલોજીયુકત શિક્ષણ માટે રાષ્ટ્રીયકક્ષાએ પસંદગી કરવામાં આવી છે. જેનો શ્રેય પ્રાથમિક શાળાના ખંતિલા આચાર્ય નીતિનભાઇ પાઠક, વિદ્યાર્થીઓ અને ગામજનોને જાય છે. જિલ્લાને રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન અપાવવા બદલ જિલ્લા વહીવટીતંત્ર અને શિક્ષણ વિભાગનું ગૌરવ વધાર્યું છે. જિલ્લા પંચાયત સંચાલિત રંગપુર પ્રાથમિક શાળામાં બાળકોને ઇ-માધ્યમથી શિક્ષણ આપવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના ડીજીટલ ઇન્ડિયાના સ્વપ્નને અંતરિયાળ આદિવાસી વિસ્તારની શાળાએ ચરિતાર્થ કરી બતાવ્યું છે. દિલ્હી ખાતે રાષ્ટ્રીય શિક્ષણ યોજના વ પ્રશાસન સંસ્થાન (નેશનલ સેન્ટર ફોર સ્કુલ લીડરશીપ) ના નેજા હેઠળ તા.૨૨-૨૪ જાન્યુઆરી-૧૯ દરમિયાન યોજાનાર ઇનોવેશન ફેરમાં ભાગ લેશે. રંગપુર પ્રાથમિક શાળામાં ૧૮૮ જેટલા બાળકો અભ્યાસ કરે છે. સાત શિક્ષકો છે. તાજેતરમાં આણંદ ખાતે યોજાયેલા રાજયકક્ષા ગણિત, વિજ્ઞાન પ્રદર્શનમાં પણ ડીજીટલ સ્કુલની પસંદગી થઇ હતી. જેમાં શિક્ષણ વિભાગ દ્વારા કયુઆર કોર્ડ સ્કેન દ્વારા ડીજીટલ પુસ્તકને ખુબ ઇનોવેટીવ લીધું છે.

રાજય સરકારે પ્રથમ વખત જે શિક્ષકો ઇનોવેટીવક કરતા હોય તેઓ માટે ઇનોવેશન ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પણ રંગપુર શાળાની પસંદગી થઇ હતી. એનસીઆરટી દ્વારા શિક્ષકો અને બીજી સ્કુલને પ્રેરણા મળે તે માટે આયોજન કરે છે. કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં ૨૮ શિક્ષકો-આચાર્યોના ૨૮ ઇનોવેટીવ શિક્ષણની પસંદગી કરી છે. જેમાં ગુજરાતના બે ઇનોવેટીવ શિક્ષણ પ્રોજેકટની પસંદગી થઇ છે. જેમાં નવસારી જિલ્લાના વાંસદા તાલુકાની રંગપુર શાળાના (ખ્ય) એઆર (ઓગ્મેટેડ રીયાલીટી) ટેકનોલોજી શિક્ષણ પ્રશંસાને પાત્ર બન્યું છે.

શાળાના આચાર્ય નીતિનભાઇ પટેલ કહે છે કે, ત્રણ વર્ષથી શાળામાં બાળકોને ટેકનોલોજી સાથે શિક્ષણ આપવામાં આવી રહયું છે. (ખ્ય) એઆર (ઓગ્મેટેડ રીયાલીટી) ટેકનોલોજી જે ગુજરાતની કોઇ સ્કુલમાં નથી એવી ટેકનોલોજી સાથે બાળકો અભ્યાસ કરી રહયા છે. આ ટેકનોલોજી ઇઝરાયલ અને જાપાનની છે. આ ટેકનોલોજીમાં કાર્ડ હોઇ છે.જેનો ફોટો સ્કેન કરો એટલે તમે જે જાણવા માંગતા હોઇ તે લાઇવ જોઇ શકાય છે. આ કાર્ડ મુંબઇની ખરીદીને મેળવવામાં આવ્યા છે. રંગપુર ગામના લોકો પણ બાળકોને આધુનિક શિક્ષણ મળે તે માટે સક્રિય છે. નીતિનભાઇ કહે છે કે, દર મહિને વાલી મીટીંગ મળે છે. વાલીઓ ઉત્સાહભેર ભાગ લે છે. બાળકો દર મહિને રૂા.૧૦ અને એસએમસીના સભ્યો અને શિક્ષકો દર મહિને રૂા.૧૦૦ ભેગા કરે છે. ત્રણ વર્ષમાં સારી એવી રકમ ભેગી થઇ છે. આ ભંડોળમાંથી ૧૦ કમ્પ્યુટર્સ પણ ખરીદવામાં આવ્યા છે. ટેકનલોજી શિક્ષણ માટે આ રકમમાંથી ખર્ચ કરવામાં આવે છે. રંગપુર શાળામાં શ્રી ડી ટેકનોલોજી (ખ્ય)કયુઆર એટલે કે પુસ્તકોને કોર્ડ સ્કેન કરીને તેમને જે માહિતી જોઇતી હોય તે મેળવી શકે છે. આ ઉપરાંત વર્ચ્યુઅલ ટેકનોલોજીના આધારે પણ બાળકો શિક્ષણ મેળવે છે. બાયોલોજી અંગેનું શિક્ષણ ચશ્મા પહેરીને બાળકો મેળવે છે. ખરેખર અંતરિયાળ વિસ્તારમાં બાળકોને વૈશ્વિકકક્ષાનું શિક્ષણ આપવામાં આવી રહયું છે. શાળામાં બધી જ બાબતોનો ખ્યાલ રાખવામાં આવ છે. બાગાબાની પણ ટપક સિંચાઇ આધારિત છે. મા સરસ્વતીનું વિદ્યાનું સંકુલમાં પ્રવેશતા જ કંઇક જુદો અનુભવ થાય છે. સ્કુલ ઓફ એમેઝીંગ એવા શબ્દો પણ મુલાકાતીઓ રજીસ્ટરમાં નોંધ કરતા ગયા છે. ખાસ કરીને રંગપુર શાળાની વેબસાઇટ તૈયાર કરવામાં આવી છે. જેમાં યુ-ટુબ પર વિડીયો ડાઉનલોડ કરીને અપલોડ કરવામાં આવ્યા છે. જેના માટે ૧૫ જેટલા ગુગલ એકાઉન્ટ દ્વારા શૈક્ષણિક માહિતી મેળવી છે. બાળકો માટે લેવામાં આવતી કાળજી અંગે નીતિનભાઇ પટેલ જણાવે છે. કે, બાળકો કોર્ડ સ્કેન શું કરે છે તે પણ મોબાઇલમાં માહિતી મળી જાય છે. કોર્ડ પર સ્કુલમાં જાતે બનાવાયા છે. બાળકોને આધુનિક શિક્ષણ આપવા આચાર્ય દ્વારા રજાના દિવસોમાં પણ સતત મહેનત કરવામાં આવે છે. બાળકો પણ રજાઓમાં અનુકૂળતા મુજબ આવે છે. શાળાના એસએમસી અધ્યક્ષ અનિલભાઇ પટેલ કહે છે કે, શાળાના આચાર્ય નીતિનભાઇ પટેલનો પ્રયાસ બિરદાવવા લાયક છે. એમ પણ વાલીમંડળની તેમનો તમામ સહયોગ આપીએ છીએ. આજના યુગમાં બાળકોને આધુનિક શિક્ષણ મળ છે. યુટયુબ, ફેસબુક પર શાળાના તમામ પ્રવૃતિઓ મુકવામાં આવે છે. ત્રણ વર્ષમાં શાળાની રોનક બદલાઇ ગઇ છે.





ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે અમદાવાદ શહેરના નવાવાડજ વિસ્તારમાં પતંગ ઉડાવી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી. જ્યારે બીજી તસવીરમાં મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદ શહેરના ખાડિયા વિસ્તારમાં પર્વની ઉજવણી કરી હતી.

વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા પી જનાર નાનપુરાના યુવકનું મરણ

પરિવારે મૃતદેહ સ્વીકારવા કરેલો ઈન્કાર

સુરત

નાનપુરામાં રહેતા યુવાને વ્યાજખોરના ત્રાસથી કંટાળી ઝેર પી આત્મહત્યાનો પ્રયાસ કરનાર યુવકનું સારવાર દરમિયાન મોત થયું હતું. યુવકના મોત બાદ પરિવારે મૃતદેહ સ્વિકારવાનો ઈનકાર કરી ન્યાયની માંગ કરી હતી.

નાનપુરાના ૩૫ વર્ષિય રજનીકાંત રતિલાલ ટોપીવાલાએ નાનપુરાના વ્યાજખોર હિમેન વસંત કહાર પાસેથી ૭૦ હજાર રૂપિયા લીધા હતા. જો કે વ્યાજખોર હિમેન કહારે બે મહિના બાદ જ ૧૦ ટકા વ્યાજ કરી દીધું. રજનીકાંત સમયસર દર મહિને ૧૦ હજાર વ્યાજ ભરતો હતો. રજનીકાંત રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હોઇ મુદ્દલ પરત કરવા માટે તેણે દર મહિને હપ્તો કરી આપવાની માંગણી કરી હતી. જો કે તેના બદલમાં વ્યાજખોરે ૨ લાખ રૂપિયાની માંગણી કરી. એટલું જ નહીં ગઇકાલે ૧૬ હજાર રૂપિયા માંગ્યા અને નહીં આપે તો ઘરે આવીને મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી રજનીકાંત ગભરાઇ ગયોને ઝેર પી લીધું હતું. રજનીકાંત રતિલાલ ટોપીવાલા મેં આત્મહત્યા કરું છું. હિમેન વસંત કહારના કારણે. કેમ કે હું તેની પાસેથી ૭૦ હજાર રૂપિયા પટકા લીધેલા. બે મહીના પછી ૧૦ટકા કરી નાખ્યા. હું ૧૫થી ૧૭ મહિના વ્યાજ ૧૦ હજાર ભર્યા. હુંએની પાસે હપ્તો માંગુ છે. તે મને કહે છે કે ૨ લાખ ભર. દર મહિને ૧૦ હજાર હપ્તો આપ. મહિને નહીં તો વ્યાજભર ૧૦ હજાર. ગઇકાલે મને કીધું કે ૧૬૦૦૦ ભર નહીં તો તને તારા ઘરમાં મારી જવા એના કારણે હું આત્મહત્યા કરું છું.

રોટરી આઈ હોસ્પિટલમાં નવી ચાર તબીબી સેવાઓનો આરંભ

વિવિધ દાતાઓનું સન્માન કરાયું

નવસારી

શ્રીમતી લીલાબેન મોહનલાલ શાહ બીલીમોરાવાલા આંખની હોસ્પિટલ, રોટરી આઇ કલબ અને માલીબા નેત્ર સંકુલ નવસારીના સંયુકત ઉપક્રમે રોટરી આઇ હોસ્પિટલના પટાંગણમાં ચાર નવી સેવાઓ (ચંદરવો) ગ્લુકો સ્પેશ્યાલાઇઝેશન વિભાગ, રેટાઇના સ્પેશ્યાલાઇમેશન, પીડીયાટ્રીક વિભાગ અને ફાસ્ટટ્રેક એપોઇમેન્ટ સીસ્ટમનો ડા.દિનુભાઇ ભકત, દાતાશ્રી રશ્મિભાઇ પટેલ, ડા.ઇલાબેન શાહ, ડા.વિનય શાહ, શ્રીમતી જયાબેન શાહ, શ્રી રાકેશ નાયકની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો છે.

સંસ્થાને જી.એચ.ટ્રસ્ટ દ્વારા રૂા.૨૫ લાખનું દાન જાહેર કરવામાં આવ્યું હતું. ગ્લુકો વિભાગમાં રૂા.૫૦ લાખનું દાન રશ્મિભાઇએ આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મંત્રી યોગેશભાઇ નાયકે કર્યું હતું. આ પ્રસંગે સંસ્થામાં ભામાશા બની દાન આપનાર દાતાઓનું શાલ અને સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

જાણીતા કેળવણીકાર ડા.દિનુભાઇ નાયકે આ પ્રસંગે જણાવ્યું હતું કે, અમે જ્ઞાન દ્વારા પ્રકાશ આપીએ છીએ, પરંતુ અહી માનવતા પુણ્ય સેવા કરી દર્દીઓને રોશની આપી પ્રકાશ આપે છે એવી રોટરી પરિવાર અને ટીમ અભિનંદનને પાત્ર છે. દાતાઓને લીધે આવી સંસ્થાઓ ટકી રહી છે. પુ. રવિશંકર મહારાજે કહયું છે કે, કટાઇને મરવું એના કરતાં ઘસાઇને મરવું ઉત્તમ છે. અહી સેવાની મહેક છે અને ઇશ્વરની મહેર દેખાય છે. સૌથી મોટું પ્રેરણા સ્ત્રોત દ્વારા માનવની સેવા કરવાની પ્રેરણા મળે છે. પરોપકાર વૃતી મોહનદાસ મહાત્મા ગાંધીજી બન્યા હતા. રોટરી સેવાની શિરમોર સંસ્થા છે.

રોટરી આઇ હોસ્પિટલના ચેરમેન કાંતિભાઇ શાહે તેમના પ્રાસંગિક વકતવ્યમાં જણાવ્યું હતું કે, સૌના સહકારથી ૪૪ વર્ષથી સેવાની યાત્રા અવિરત ચાલી રહી છે. રૂા.એક લાખના ખર્ચે શરૂ થયેલી આ સેવાઓનો પ્રોજેકટ રૂા.૩૫ કરોડ પર પહોંચ્યો છે. સંસ્થા દ્વારા ત્રણ લાખથી વધુ સર્જરી કરીને પ્રકાશ આપ્યો છે. આ પ્રસંગે રાકેશભાઇ નાયક, દાતાશ્રી ઇલાબેન શાહ, રૂચિર જાની, દાતા નારણભાઇ ભકત વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાલ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં સખત મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ સમાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની લોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની લોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા ક્રમ મુજબ ચૂકવેલ આપકમાંથી ચુકવણ જશે, જે માટે સાથે ડાયરેક્ટ હોટલ પરથી આપ સમજુ શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની બેઠકદીઠ ક્રમ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)

LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

(PLAN - B)

LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ

Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.

લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





ભરૂચ શહેર સી.ડીવીઝન પો.સ્ટે.ની ટીમે જુગારધામ પર રેડ કરતા ૪.૬૦ લાખના મુદ્દામાલ સાથે ખાનદાની જુગારીયાઓને ઝડપી લીધા



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજનદ્રસિહ ચુડાસમા નાઓ તરફથી જીલ્લામા પ્રોહી/જુગારની અસામાજીક પ્રવૃતી ચલાવતા ઇસમો વિરૂધ્ધ કાયદેશર કાર્યવાહી કરવા સુચના મળેલ હોય જે અનુ સંધાને નાયબ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલા સાહેબ ભરૂચ વિભાગ ભરૂચ નાઓના માર્ગ દર્શન હેઠળ ભરૂચ શહેર સી. ડીવીઝન પોસ્ટે પીએસઆઇ આર.એમ.વસાવા નાઓની બાતમી આધારે નંબર -૧૬ હરીધામ સોસાયટી તુવસિધામ રોડ ભરૂચ બિપીનસિહ ઘલતસિહ રાજ નાઓનો દિકરો ધર્મેન્દ્રસિંહ બિપીનસિહ રાજ ના પોતાના રહેણાંક મકાનમા જુગારની રેઇડ કરતા નીચે જણાવેલ ઇસમો જુગાર રમતા મુદ્દામાલ સહીત પકડાઇ ગયા હતા.

ધરમેન્દ્રસિહ બિપીનસિહ રાજ રહેવાસી મકાન નંબર -૧૬ હરીધામ સોસાયટી તુલસિધામ રોડ ભરૂચ. જીતેન્દ્રભાઇ વસંતભાઇ પરમાર રહેવાસી સી-૧ તુલસિધામ સોસાયટી ઝાડેશવર રોડ ભરૂચ. વિકાસભાઇ મધુકરભાઇ પાટીલ રહેવાસી મકાન નંબર-૩૦૪ કુંજ રસી પ્લાઝા આઇનોક્ષ સમે મક્તમપુર રોડ ભરૂચ. અમિતભાઇ રમણભાઇ પટેલ રહેવાસી ઇ/૨૫ હરિધામ સોસાયટી તુલસીધામ રોડ ભરૂચ. સ્નેહલકુમાર ચંન્દ્રકાંત શાહ રહેવાસી સી/૧૨૫ નારાયણકુંજ વિહાર સોસાયટી ભરૂચ. કુલદીપસિહ ભિમસિહ પરમાર રહેવાસી મ.નં ૭૦૮ અલકનંદા ગેલેક્ષી ઝાડેશ્વર રોડ ભરૂચ. તેજસકુમર મુકેશભાઇ પટેલ રહેવાસી મકાન નંબર-૧૯ સંકરતવન સોસાયટી જયોતિનગર પાછળ ભોલાવ ભરૂચ. હેમરાજસિહ બળવંતસિહ રાજ રહેવાસી એફ-૫, કુંજરેસી પ્લાઝા મક્તમપુર રોડ ભરૂચ. હિમાન્સુ ભરતભાઇ પટેલ રહેવાસી મકાન નંબર-૯/૮ હરિધામ સોસાયટી તુલસિધામ ભરૂચ. સાગરસિહ મહેનદ્રસિહ પરમાર રહેવાસી મકાન નંબર-સી-૪૮ વિશ્વનાથ ટાઉનશીપ તુલસિધામ ભરૂચ.

આ ઇસમોની અંગ ઝડતીન રોકડા રૂ ૨૯,૦૬૦/- તથા દવ ઉપર થી મળી આવેલ રોકડા રપીયા ૧૬,૫૧૦/- તથા મોબાઇલ ફોન-૧૧ કિ૨ ૧/૧૦,૦૦૦/- તથા સોસાયટીના રતા ઉપર અલગ અલગ જગયાએ સદર આરોપીઓના અલગ અલગ કંપનીઓના મો.સા.નંગ-૦૩ મળી કુલ કિ૨ ૧,૦૫,૦૦૦/- તથા એક ફોર વ્હિલ લાલ કલરની હ્યુન્ડાઇ કંપની ની આઇ૧૦ કિ રૂ.૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપીયા ૪,૬૦,૫૩૦/- નો તમામ મુદ્દામાલ કરજે કરવામાં આવેલ છે.

સાગબારાની ચીકાલી ફાટક પાસેથી પોલીસે બે લાખથી વધુનો દારુ સહિતના મુદ્દામાલ સાથે ત્રણને ઝડપી લીધા



રાજપીપળા : નર્મદા જિલ્લા સાગબારા પોલીસે નાકાબંધી દરમિયાન પસાર થતી એક ગાડીમાંથી બે લાખથી વધુના દારૂ સહિતો મુદ્દામાલ સાથે ત્રણની ધરપકડ કરી હતી

નર્મદા જીલ્લા પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડીયા તરફથી દારૂ,જુગાર અંગેની પ્રવૃતિને ડામી દેવા આપેલ સુચના મુજબ રાજપીપળા સાગબારા પીએસઆઇ ડી.એ.ક્રિયન તથા પોલીસ સ્ટાફના માણસો સાથે તપાસમાં હતા ત્યારે મળેલ બાતમીના આધારે ચીકાલી ફાટક ખાતે નાકાબંધી દરમ્યાન મહારાષ્ટ્ર

તરફથી આવતી હોન્ડા સીટી ગાડી નંબર એમ ૫ ઝેડ ૯૨૭૮ ગાડીને રોકી અંદર બેઠેલ ત્રણે વ્યક્તિઓની પૂછપરછ કરતા તે ત્રણેય પૈકી (૧) મિતેશભાઇ કંચનભાઇ પટેલ(૨) રાજેશભાઇ શંકરભાઇ પટેલ (૩) કામીલભાઇ ભરતભાઇ પટેલ ત્રણે રહે.ઘાનપોર તા.નાંદોદ,જી.નર્મદાના હોવાનુ જણાવેલ જયારે આ ગાડીની અંદર ચેક કરતા અંદર વિદેશી દારૂનો જથ્થો મળી આવેલ જેમાં બોમ્બે સ્પેશીયલ વ્હીસ્કી ૧૮૦ એમ.એલની પેટીઓ નંગ-૧૫ જે દરેકમાં ૪૮-નંગ ક્વાટરીયા લેખે કૂલ-૧૫ પેટીઓમાં કુલ ક્વાટરીયા નંગ-૭૨૦ કિ.રૂ.૩૬,૦૦૦/-નો પ્રોહી.નો મુદ્દામાલ મળી આવતા તેમજ પકડાયેલ આરોપીઓની અંગ ઝડતીમાંથી મોબાઇલ નંગ-૪ કિ.રૂ.૧૫,૫૦૦/-તથા હોન્ડા સીટી ગાડીની કિ.રૂ. ૧,૫૦,૦૦૦/-મળી કુલ કિંમત રૂપિયા ૨,૦૧,૫૦૦/-નો મુદ્દામાલ જમ્મ કરી સાગબારા પોલીસે ગુનો દાખલ કરી ત્રણેય વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

નર્મદામાં એક પતંગની લાલચે બાળકે ગુમાવ્યો પોતાનો જીવ



ડેડીયાપાડામાં વીજ વાયર પર ફસાયેલી પતંગ કાઢવા જનાર બાળકનું કરંટ લાગતા મોત

રાજપીપળા : નર્મદા જિલ્લાના દેદિયાપાડાના થાણા ફળિયામાં રહેતા કૃણાલ રાજેશભાઈ પટેલ ઉત્તરાયણ ના દિવસે સાંજે તેના ઘરની સામે રહેતા વિજયભાઈ વસાવાના મકાનના ધાબા ઉપર પતંગ ચગાવતો હતો તે દરમ્યાન વિજયભાઈના ઘર પાસેથી પસાર થતા વીજળીના વાયર પર ફસાયેલ પતંગ તથા દોરાને લોખંડના સળીયા વડે કાઢવા જતા કૃણાલને અચાનક કરંટ લાગતા તેનું મોત થયું હતું જેથી પટેલ પરિવારમાં ઉત્તરાયણનો પર્વ માતમમાં ફેરવાયો હતો આ બાબતે ડેડીયાપાડા પોલીસે અ.મોતનો કેશ દાખલ કરી વધુ તપાસ સાથે આગળની કાર્યવાહી હાથ ધરી હતી .

ભીમાસર ગામના યુવાનો દ્વારા મકરસંક્રાંતિની કરાઈ ઉજવણી

ભીમાસર ગામના યુવાનો દ્વારા કૂતરાના લાડુ બનાવવામાં આવ્યા હતા.દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તરાયણના દિવસે ભીમાસર ગામના દરરેક વિસ્તારમાં તથા આજુબાજુના તમામ વાડી વિસ્તારમાં કૂતરાને લાડુવા આપી સાચા અર્થમાં ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવી હતી.ભીમાસરથી આડેસર જતા રોડ ઉપર લખાગઢના પાટિયા પાસે ભીમા ભગતની મઢી આવેલ છે ત્યાં સો કીલો એક જ જગ્યા એ લાડુ આપવામાં આવ્યા હતા.આજના હળાહળ કળયુગમાં ભાઈની જોડે ભાઈ નથી બેસતા ત્યારે ભીમા ભગતની મઢીએ કૂતરા,બિલાડી,સાપ વગેરે એક થાળીમાં જમે છે.કોઈને આ કળિયુગમાં વિશ્વાસ ન આવે તો એક વાર આ મઢીએ આવી અને જોજો કેટલા કૂતરા છે.ઘણી જગ્યા ગાયોની ગૌશાળા હશે પણ રાપર તાલુકાની એક માત્ર કુતરાઓની જગ્યા છે..ભીમા ભગતને બધા લોકો મણિયારા બાપા તરીકે ઓળખે છે.ભીમા બાપા દિવસ રાત કુતરાની ચિંતા કર્યા કરે છે.ભીમા બાપાએ દુષ્કાળના સમયમાં પોતાની બધીજ જમીન વેંચીને પણ અબોલ પશુ પક્ષીઓનો નિભાવો કરેલ છે. અને હાલમાં પણ ભીમા બાપાની મઢીએ અનેક પશુ પક્ષીઓ એક થાળીમાં જમે છે.ઉત્તરાયણના આગળના દિવસે રાત્રે રવેચી મંદિરે ભીમાસર ત્રણ સો કિલો લાડુ તૈયાર કરવામાં આવ્યા હતા..તો આ પ્રસંગે અશોકભાઈ ચૌહાણ,સુરેશપુરી ગૌસ્વામી,મેરુભાઈ , ખેતાભાઈ, હરેશભાઈ, ભરતભાઈ, રાજુભાઈ, ઈશ્વરભાઈ, વિજયભાઈ, હેમંતભાઈ, નવિનભાઈ, જગદીશભાઈ, મોમાયાભાઈ, બળદેવભાઈ, દીપકભાઈ ઉપસ્થિત રહ્યા હતા.. અને વહેલી સવારે લાડુવાની વહેંચણી કરવામાં આવી હતી.તેવું નવિનભાઈ મકવાણા (રાધાણી) દ્વારા જણાવવામાં આવ્યું હતું.

રાજપીપળાથી પતંગો લઈ પરત ફરતા ત્રણ મિત્રોની બાઈકને ટ્રકે ટક્કર મારતા એકનું મોત બેને ગંભીર ઈજા



નાંદોદના કુમસગામના ત્રણ મિત્રો રવિવારે પતંગ ખરીદવા રાજપીપળા આવ્યા અને અકસ્માત થયો

રાજપીપળાઃ નાંદોદ તાલુકાના કુમસગામના ત્રણ મિત્રો રવિવારે રાજપીપળા ખાતે પતંગ દોરાની ખરીદી કરી બાઈક પર પરત ઘરે જતા હતા ત્યારે ઢોલાર વિરપોર વચ્ચે પુરપાટ આવતી એક હાઇવા ટ્રકે બાઇક ને અડફટે લેતા ત્રણ પૈકી અનિલ રમણભાઈ વસાવા ,સંદીપ શશિકાન્તભાઈ વસાવા અને ભુપેન્દ્ર વસાવા નામના ત્રણ મિત્રો ટ્રકની ટક્કરે ફંગોળાઈ જતા ગંભીર ઈજાઓ થતા ભુપેન્દ્ર વસાવાનું ઘટના સ્થળેજ મોત થયું હતું જયારે અનિલ અને સંદીપને સારવાર માટે રાજપીપળા સિવિલ લાવ્યા બાદ સંદીપની હાલત નાજુક હોય એને સુરત લઈ જવાયો હતો અને અનિલની રાજપીપળા સિવિલમાં સારવાર ચાલી રહી છે આમ ઉત્તરાયણની મજા માણવા પતંગો લઈ પરત ફરનાર ત્રણ મિત્રોના પરિવારમાં ખુશીના બદલે દુઃખ ફેલાયું હતું હાલ આમલેથા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી અકસ્માત કરનાર હાઇવા ટ્રકના ચાલાક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઉત્તરાણની રજા અને શિયાળાની ઠંડીનો લાભ લઈ કેવડિયામાં તસ્કરોએ ૨.૩૧ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર

એકજ રાતે અલગ અલગ જગ્યાએ બે દુકાનો અને છ મકાનોના તાળા તોડી ચોરટાઓ રોકડ ,સોનાચાંદીના દાગીના સહિતની ચોરી કરી ફરાર થતા પોલીસના રાત્રી પેટ્રોલિંગ પર અનેક સવાલ

રાજપીપળા : નર્મદા જિલ્લો હાલ કેવડિયા પાસે બનેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીના કારણે વિશ્વભર માં જાણીતો બન્યો છે ત્યારે એજ કેવડિયા ગામમાં પોલીસને લપડાક મારતી ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે

કેવડિયા કોલોની ખાતે ઉત્તરાયણના એકજ દિવસમાં ચોરટાઓએ મોટી હાથ સફાઈ કરી જેમાં ૧૪ મી તારીખે એકજ રાતે બે દુકાનો અને છ ઘરોના તાળા તોડી લાખોની ચોરી થયા બાબતે કેવડિયા પોલીસ મથકે ફરિયાદ થતા પોલીસની ઊંઘ હરામ થઈ જવા પામી છે.જેમાં ફરિયાદ આપનાર પંકજભાઈ પટેલ સહિત બીજા એક ની મળી બે દુકાનોના શટર તોડ્યા બાદ ગામમાં બીજા છ મકાનોના તાળા તોડી કોઈ અજાણ્યા તસ્કરો રોકડા રૂપિયા ૧,૧૧,૮૦૦/- અને સોના ચાંદીના દાગીનાના રૂપિયા ૧,૧૯,૮૦૦/- મળી કુલ રૂપિયા ૨,૩૧,૧૦૦/- ની ચોરી કરી ચોરો ફરાર ફરાર થઈ ગયા હતા ત્યારે ઉત્તરાયણ ની રજા માણવા ગયેલા લોકો ને આ બાબતની જાણ થતા કેવડિયા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

કડોદરામાંથી રૂા.૧૫.૮૫ લાખના પ્લાસ્ટિકના દાણાની ચોરી થઈ

વે બ્રીજ પાસેથી ટ્રકમાંથી માલ ચોરાયો

સુરત

બે ટ્રકમાંથી રૂપિયા ૧૫.૮૬ લાખના પ્લાસ્ટિકના દાણાની બોરી ચોરાઈ હતી.

કડોદરા નિલમ હોટલ પાસે ટ્રાન્સપોર્ટ કંપાઉન્ડમાં ટ્રક નં.જીજે-૧૫-યુયુ-૧૭૨૬માંથી રૂા.૧૦.૭૬ લાખની કિંમતના પ્લાસ્ટિકના દાણા અને બાપા સીતારામ વે બ્રીજના કંપાઉન્ડમાંથી ટ્રક નં.જીજે-૨૧-વી-૯૪૫૬માંથી રૂા.૫,૨૦,૨૦૦ની કિંમતના પ્લાસ્ટિકના દાણા ચોરાયા હતા.

કડોદરા જીઆઈડીસી પોલીસે રૂષભભાઈ ગિરીશભાઈ શાહ તથા રઈશખાન જલીલખાન પઠાણની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.





રાજપીપળા શહેરમાં ઉત્તરાયણ પર્વમાં ઊંધિયું જલેબીની ખરીદી માટે ભારે પડાપડી



રાજપીપળાના જાણીતા પુરોહિત સ્વીટમાં ગ્રાહકોની ભારે ભીડ સાથે અનેક દુકાનો પર ઊંધિયા જલેબીનું વેચાણ

રાજપીપળા : રાજપીપળા શહેર માં વર્ષોથી જાણીતા મીઠાઈના વેપારી છગનભાઇ પુરોહિતની જાણીતી દુકાન પુરોહિત સ્વીટમાં આજે ઉત્તરાયણ પર્વમાં દર વર્ષની જેમ ઊંધિયું જલેબી ની ખરીદી માટે ભારે ભીડ રહી જેમાં અવનવી જલેબી અને સ્વાદિષ્ટ ઊંધિયાની ખરીદી કરવા ખુબ મોટી સંખ્યામાં ગ્રામજનો જોવા મળ્યા હતા રાજપીપળા સહીત નર્મદા જિલ્લામાં અનેક દુકાનો તેમજ લારીઓ પર ઊંધિયા જલેબીનું વેચાણ થાય છે છતાં અમુક ખાસ અને વિશ્વાસપાત્ર જાણીતી જગ્યાઓ પર ગ્રાહકોની ભારે ભીડ રહે છે ત્યારે આજે એકજ દિવસમાં રાજપીપળાના લોકો લાખો રૂપિયાના ઊંધિયા જલેબી ખાઈ ઉત્તરાયણ ની મજા માણશે આ ખરીદી માટે રાજપીપળા ના બજારોમાં ભારે ટ્રાફિક પણ જોવા માંડ્યો માટે રાજપીપળા પોલીસે ઠેર ઠેર પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દીધો હતો.

અંકલેશ્વરમાં સારંગપુર ગામની હદમાં ફાયરિંગમાં એક ઈસમનું મોત

અંકલેશ્વર સારંગપુર ગામની નજીક આવેલ પદ્માવતી નગર પાસેના રોશનીનગરમાં ફાયરિંગ થવાની ઘટના સામે આવતા પોલીસતંત્ર દોડતું થયું હતું.ગેરેજ ચાલક સમીમ ખાન પર ફાયરિંગ થયું હતું.

ઘટનાની મળતી વિગત અનુસાર માંડવા આરામ હોટલ પાસે ગેરેજનું કામકાજ કરતા સમીમ ખાન તેમનું ગેરેજ બંધ કરી ઘરે આવતા હતા. દરમિયાન રોશની નગરમાં તેમના ઘરે પાસે શનિવાર ની રાતે પોતાની બાઈક ઊભી રાખતાની સાથે અચાનક કોઈ અજાણ્યા ઈસમ દ્વારા પાછળથી કોઈ અજાણ્યા ઈસમોએ તેમના પર ફાયરિંગ કરી દીધું હતું. ફાયરિંગનો અવાજ આવતા જ આસપાસના પાડોશીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જ્યાં જોતા ઘટના સ્થળે સમીમ ખાન લોહીલુહાણ હાલતમાં તેમની બાઈક પાસે પડ્યા હતા. જેમને પાડોશીઓ દ્વારા તાત્કાલિક જ્યાબેન મોદી હોસ્પીટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. પરંતુ હોસ્પિટલના તબીબો દ્વારા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

સમગ્ર ઘટનાની જાણ અંકલેશ્વર જી.આઈ.ડી.સી પોલીસને કરાતાં પોલીસે ઘટના સ્થળે જઈ પૂછપરછ કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે ડોગ સ્કોડ અને એફ.એસ.એલ. ની પણ મદદ લઈ અને વધુ તપાસ હાથ ધરવા કવાયત હાથ ધરી છે.

નાંદોદના ઓરી ગામે ફોઈને ત્યાં ઉત્તરાયણ કરવા ગયેલા બાળકનું પતંગના દોરાથી ગળું કપાતા ગંભીર ઈજા

નાંદોદના નિકોલી ગામમાં રહેતો ધોરણ આઠ માં અભ્યાસ કરતો ચિરાગ ઉત્તરાયણ કરવા માટે ફોઈને ત્યાં ઓરી ગામે ગયો અને ગળું કપાયું
છેલ્લા ત્રણ દિવસમાં ત્રણેક પતંગના દોરાથી ઈજા પામેલા દર્દીઓ સિવિલમાં આવ્યા



રાજપીપળા : નર્મદા જિલ્લામાં ઉત્તરાયણ પર્વની ધામધૂમથી ઉજવણી થઈ પરંતુ કેટલાક બાળકો અને મોટેરાઓના ગળામાં ઈજાઓ થતા ઉત્તરાયણ હોસ્પિટલમાં પોહચી હતી જેમાં આજે ઉત્તરાયણના દિવસે નાંદોદના નિકોલી ગામનો ચિરાગ અર્જુનભાઈ વસાવા (૧૪) નામનો ધોરણ આઠમા અભ્યાસ કરતો બાળક ઉત્તરાયણ કરવા ઓરી ગામમાં રહેતા એના ફોઈ ને ત્યાં ગયો જ્યાં રોડ પર ઉભો હતો ત્યાંજ એક પુરપાટ જતી બાઈક માં પતંગનો દોરો ભેરવાયો અને રોડ પર ઉભેલા ચિરાગનું ગાડું કાપી નાખ્યું ત્યારે લોહીલુહાણ થયેલા ચિરાગને તાત્કાલિક રાજપીપળા સિવિલમાં લાવી સારવાર અપાઈ હતી અને ટાકા આવ્યા હતા સદનસીબે ચિરાગનો આબાદ બચાવ થયો હતો ત્યારે તબીબના જણાવ્યા મુજબ ત્રણ દિવસ માં આવા ત્રણેક કેશ આવ્યા હતા.આમ નર્મદા જિલ્લામાં પતંગના દોરાના કારણે ઘણા બાળકો અને આકાશમાં ઉડતા પક્ષીઓ ઈજા પામ્યા હતા.

ઉત્તરાયણમાં લોકોને મોજ અને પક્ષીઓને સજા....જોકે હેલ્પ ગ્રુપ રાજપીપળાની ટીમે પક્ષીઓને બચાવવા માનવતા મહેકાવી

ઉત્તરાયણના દિવસે રાજપીપળામાં પાંચ પક્ષીઓ ઈજાગ્રસ્ત જેમાં એકે જીવ ગુમાવ્યો



રાજપીપળા : ઉત્તરાયણના એકજ દિવસમાં રાજપીપળા શહેરમાં પાંચ પક્ષીઓ ઘાયલ થયા હતા જેમાંથી ચારને સારવાર આપી બચાવી લેવાયા હતા પરંતુ એક તો મૃત હાલાતમાંજ મળ્યું હતું ત્યારે દર વર્ષની માફક હેલ્પ ગ્રુપ રાજપીપળાની ટીમે ઘાયલ પક્ષીઓને બચાવવા અભિયાન ઉપાડ્યું હતું જેના કારણે પતંગના દોરાના કારણે ઘાયલ થયેલા પક્ષીઓને હેલ્પ ગ્રુપના સભ્યો તાત્કાલિક પશુ દવાખાને લઈ ગયા જ્યાં પશુ ચિકિત્સક ડૉ.કે એચ રાઠવા એ તાત્કાલિક સારવાર આપતા ચાર પક્ષીઓ ને બચાવી લીધા હતા જોકે જીવ ગુમાવનાર એક પક્ષીનું વધુ ગંભીર ઈજાના કારણે દવાખાને પોંહચતા પહેલાજ પ્રાણપંખેરું ઉડી ગયું હતું ત્યારે ચાર પક્ષીઓને બચાવવામાં હેલ્પ ગ્રુપની મેહનત અને ડોક્ટર ની સારવાર સફળ થઈ હતી આમ દર વર્ષે હેલ્પ ગ્રુપની ટિમ દ્વારા ચલાવાતા પક્ષી બચાવ અભિયાન એક માનવતાનું ઉદાહરણ પાર પાડે છે.સાથે સાથે આ ગ્રૂપના સભ્યો આવા અનેક સેવાકીય કર્યો કરતા નજરે પડે છે.

નર્મદા બ્રેકીંગ...આદિવાસી અસરગ્રસ્તો લડાયક મૂડમાં

કેવડિયા વિસ્થાપીતો દ્વારા ત્રીજી વખત માપણી કરવા આવેલ સરકારી કર્મચારીને ટોળાએ તગેડયા,મામલો ગરમાયો



રાજપીપળા : આજે ઉતરાયણના દિવસે પણ ફરી એકવાર કેવડિયા માપણી માટે ગયેલા કર્મચારીઓને સ્થાનિક આદિવાસી અસરગ્રસ્તો એ ગામમાંથી પાછા તગેડયા હતા અને માપણી કરતા અટકાવ્યા હતા. ત્યારે મામલો એટલો બધો ગરમાયો હતો જેમા ડી.વાય.એસ.પી ત્યાગી અને કલેકટરે ખુદ સ્થળ પર પહોંચવું પડ્યું હતું ત્યારબાદ લેક્ટર અને ડી.વાય.એસ.પી દ્વારા આદિવાસીઓને સમજાવામાં આવ્યા બાદ આવતીકાલે મંગળવારે કલેક્ટર ઓફિસે બોલાવ્યા હતા પરંતુ આદિવાસી આગેવાન નરેન્દ્ર તડવીએ રાજપીપળા કલેકટર ઓફિસ પર આવવાની સ્પષ્ટ ના પાડતા કલેકટરને ખુદ આવતીકાલે કેવડિયા ખાતે આવવાનું કહ્યું હતું આમ અસરગ્રસ્તો હવે આ પાર કે પેલી પાર પણ સરકાર સાથે હવે લડાયક મૂડમાં હોય એમ લાગી રહ્યું છે.

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન તથા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➨ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➨ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
"કાશ્મીરી શાલ"
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની

ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર ક્વોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
"છોટા કુબેર" કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭


3000/- Rebonding Smoothing & straightening
Niyati
BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC

સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો

100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.

અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
● ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
● લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
● ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
● રીચાર્જેબલ હીયરીંગ એઈડ
● જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

THICKSHAKE
-NEW VARIETY-
રજવાડી કીંગ | રજવાડી ક્વીન
મખ્ખન ભોગ

Extra Ordinary Flavours of
51 RAINBOW ice creams
Special offer
150/- 100/-
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્ક: +91 9879217786

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે

મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
ઉમરાટ બીચ - નવસારી
www.modiresorts.com
Ph.: 99250 08830
97272 56004